Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.



# આત્મધર્મ

ૐ

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો
અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ
નજર પણ કરતો નથી. પોતા તરફ નજર
કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર
તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં
માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થઈ
તેવી ચીજ પોતેજ છે.

[ પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષર ]





તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૨ ભાદરવો (લવાજમ : છ રૂપિયા) વર્ષ ૩૩ : અંક ૧૧ [૩૯૫]

# વિકસિત કળીના દ્રષ્ટાંતે જ્ઞાનકળાનો મહિમા દર્શાવતું-

પૂજ્ય ગુરુદેવનું મંગલ-પ્રવચન.

**( સમયસાર કળશ ૫૫, શ્રાવણ વદ ૧ )**

**મોહી જીવોનો અનાદિ સંસારથી દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભાવ પરાવર્તન અને ભવ પરાવર્તનરૂપ અજ્ઞાન અંધકાર ચાલ્યો આવે છે. પંચ-પરાવર્તનમાં અહંકાર ચાલ્યો આવે છે તે દુઃખ છે, મિથ્યાત્વ છે. હું પરદ્રવ્યની ક્રિયા કરું છું, લોકોને સમજાવી શકું છું આદિરૂપ પરદ્રવ્યના કર્તૃત્વરૂપ મહા અંધકાર મોહી જીવોને અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. અહો! એકવાર પણ જો ભૂતાર્થને ગ્રહણ કરે અર્થાત્ ભૂતાર્થનો અનુભવ કરે તો દુર્નિવાર એવો અજ્ઞાન-અંધકાર નાશ પામે છે.**

**પંચ-પરાવર્તનમાં અનાદિ સંસારથી અહંપણું કર્યું છે. હવે ગુંલાટ મારીને એકવાર જ્ઞાયકમાં અહંપણું કર! પંચ-પરાવર્તનમાં અહંપણું છે તે સંસાર છે. હવે એકવાર પૂર્ણાનંદપ્રભુને એક સમયની પર્યાયમાં પકડ એટલે કે અનુભવ કર. પંચ-પરાવર્તન અનંતવાર કર્યું હોવાથી ભાવ-પરાવર્તન અનંતવાર કર્યું છે, એટલે કે શુભરાગનું પરાવર્તન અનંતવાર કર્યું છતાં અનાદિ સંસારનો અંત આવ્યો નથી, માટે હવે એકવાર ત્રિકાળી વસ્તુનો અનુભવ કર.**

**પલટતી દશા વિનાની -પર્યાય વિનાની ત્રિકાળી એકરૂપ ધ્રુવ વસ્તુને પર્યાયમાં પકડવી-ગ્રહણ કરવી તે ધર્મરૂપી સીઢીનું પ્રથમ પગથિયું છે. પોતાની જ્ઞાનપર્યાયમાં શુદ્ધ દ્રવ્યને જેણે ગ્રહણ કર્યું છે તેને શુભરાગનો અહંકાર છૂટી જાય છે, અનાદિ સંસારથી પંચપરાવર્તનમાં અહંકાર છે તે છૂટી જાય છે. ભગવાન આત્મા જ્ઞાયક છે તે પંચ-પરાવર્તનમાં આવતો નથી. અનાદિથી પંચ-પરાવર્તનમાં અહંકાર કર્યો હોવાથી જે અહમ્ ( -પોતે ) છે એવા જ્ઞાયકભાવમાં અહંભાવ આવ્યો નથી.** ( અનુસંધાન પાનું ૧૧ )

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૧૧

વીર સં. ૨૫૦૨
: ભાદરવો :
A.D. 1976
SEPTEMBER

# મોક્ષાભિલાષી જીવને આચાર્યદેવનું સંબોધન

જિજ્ઞાસુ શિષ્ય વિનય પૂર્વક ગુરુને વિનંતી કરે છે કે હે સ્વામી! જે જ્ઞાનથી ક્ષણમાત્રમાં આત્મા જાણી શકાય છે તે પરમ જ્ઞાન મારામાં પ્રકાશિત કરો. અનંતકાળમાં વ્રત–તપ આદિ અનંતવાર કર્યા છતાં આત્મજ્ઞાન ન થયું, તો જેનાથી ક્ષણમાત્રમાં આત્મજ્ઞાન પ્રગટ થાય છે તે જ્ઞાન શું છે?–તે જ્ઞાન મને પ્રગટ કરો. શુભ–અશુભ વિકલ્પજાળમાં ફસાઈને અનંતકાળ વ્યર્થ ગયો છે, હવે મને તો એવા પરમજ્ઞાનનું પ્રયોજન છે કે જેનાથી ક્ષણમાત્રમાં આત્મજ્ઞાન થાય; માટે પ્રભો! મારામાં તે પરમ જ્ઞાનનો પ્રકાશ કરો. તેના ઉત્તરરૂપે આ ગાથા કહેવામાં આવી છે.

( અનંતચતુર્દશી દિને પરમાત્મપ્રકાશની ગાથા ૧૦૭ ના પ્રવચનમાંથી )

આત્મા નિયમથી સ્વ–સંવેદન જ્ઞાનદ્વારા ગોચર થાય તેવો છે. જ્ઞાનની ક્રિયામાં આત્મા જાણવામાં આવે છે, રાગની ક્રિયામાં આત્મા જાણવામાં આવતો નથી. માટે

હે શિષ્ય! તું ધર્મ–અર્થ–કામરૂપી પરભાવોને દ્રષ્ટિમાંથી છોડીને જ્ઞાનથી આત્માને જાણ.

જેણે ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમજ દયા–દાન–વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દ્રષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે–મારા માટે કિંચિત્ માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. રાગનો અંશ માત્ર મારો નથી એમ દ્રષ્ટિમાંથી ધર્મ–અર્થ–કામરૂપી ભાવની મમતા છોડી દે, ને જ્ઞાન સ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ. એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં.

અરે! હજુ તો એક બીડી વિના ચાલે નહીં! ચા વિના ચાલે નહીં! આની વિના ચાલે નહિ ને તેની વિના ચાલે નહીં!–એવો પામર ને પાંગળો પોતાને માની રહ્યો છે ત્યાં તેને કેમ બેસે કે પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે છે! નિજ આત્મા પોતે જ પરમપદ છે કે જેનો મહિમા વાણી દ્વારા થઈ શકતો નથી, જેનો મહિમા દિવ્યધ્વનિથી પણ કહી શકાયો નહીં એવું પરમપદ તું પોતે છો. એવા આત્માને જાણ્યા વિના સઘળુંય નિરર્થક છે. રાગ રહિત વીતરાગી સ્વ–સંવેદનજ્ઞાનથી જણાય એવો આત્મા છે. તે વિના તપ–ત્યાગ આદિની લાખ ક્રિયાઓ કરે તોપણ આત્મા જાણી શકાતો નથી.

જ્ઞાનના નિર્મળ કિરણ વિના મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, અરે! આજીવન સ્ત્રીનો સંગ ન કરે તોપણ તેનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. તેથી જો તું દુઃખથી છૂટવા માગતો હો તો પુણ્ય–પાપની રુચિ છોડીને આત્મજ્ઞાન કર. આત્મા આનંદનો નાથ છે તેનું જ્ઞાન કર! એના વિના અરેરે! કીડા–કાગડા–કૂતરાના ભવ કરી કરીને મરી ગયો! અનંતકાળ એમ ને એમ દુઃખમાં જ વીતી ગયો. પ્રભુ! તેં એટલા દુઃખ ભોગવ્યા છે કે જેનું કોઈ માપ–મર્યાદા નથી. પણ તું બધું ભૂલી ગયો છે. ભાઈ! ડુંગળીને તેલમાં તળી ત્યારે સડસડાટ તું તળાઈ ગયો હતો–તું ડુંગળીમાં બેઠો હતો. એવા એવા તો પારાવાર દુઃખો તેં ભોગવ્યા છે. ૮૪ લાખ અવતારની ઘાણીમાં તું અનંતવાર પીલાતો આવ્યો છે. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ ૮૪ લાખ યોનિના દુઃખોમાં પીલાતો રહ્યો છો. આનંદના નાથને પુણ્ય–પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધ સુખના હિલોળે હિંચકવા માગતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર. (અનુસંધાન પાનું ૧૦)

# પોતાનો ભગવાન આત્મા પોતે જ તીર્થ છે. પોતે જ દેવ છે અને પોતે જ ગુરુ છે.

પરમાત્મપ્રકાશની ગાથા ૯૫ માં આચાર્યદેવ જીવને પોતાના પરમાર્થસ્વભાવ સન્મુખ વાળવા વ્યવહારધર્મનો નિષેધ કરી કહે છે કે હે આત્મા! તું તારા શુદ્ધાત્માને છોડી બહારમાં દેવ–ગુરુ–તીર્થ સન્મુખ ન... જા...ન....જા... તેના લક્ષે તને રાગ જ થશે; તું અનંત અનંત આનંદનો નાથ છો, તેની સન્મુખ જા....એ જ તારા સાચા આરાધ્ય દેવ છે, ગુરુ છે, તીર્થ છે, તેના આશ્રયથી જ તું તરીશ ને મોક્ષ પામીશ.

(તા. ૨૫–૮–૭૬ ના પ્રવચનમાંથી)

આચાર્યદેવ પરમાત્મ–પ્રકાશની ૯૫ મી ગાથામાં કહે છે કે તારા શુદ્ધાત્માને છોડીને બીજા તીર્થોમાં ન જા. દેહ–દેવળમાં દેવાધિદેવ બિરાજમાન છે ત્યાં જા. નિશ્ચયથી તારો દેવ અને તારો ગુરુ તું પોતે છો, તેથી બીજા દેવ અને બીજા ગુરુનું લક્ષ ન કર. સિદ્ધનું લક્ષ ન કર, કારણકે તને તેના લક્ષે પણ રાગ જ થશે. પંચપરમેષ્ઠિને ધ્યાવતાં તેના લક્ષે શુભરાગ જ થશે. પોતાનો ભગવાન આત્મા જ તીર્થ છે, અનંત શાંતિ, અનંત આનંદનો નાથ તે જ તીર્થ છે. નિર્મળાનંદ ભગવાન પોતે જ તીર્થ છે, તરવાની શક્તિ તેમાં જ છે ત્યાં રમણ કરને! અનંત અનંત અપરિમિત આનંદસ્વરૂપ પ્રભુ ભગવાન પોતે તીર્થ છે, તરવાનો ઉપાય તે છે, બહારનાં તીર્થથી તરાશે નહીં, માટે તારા આત્માની જ આરાધના કર.

જો કે વ્યવહારનયથી મોક્ષના સ્થાનક શ્રી સમ્મેદશિખર આદિ તથા જિનપ્રતિમા આદિ છે, સર્વથા નથી એમ નથી. તે સર્વથા ન માને તેને તો ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે. જિનપ્રતિમા આદિ છે અને તેની ભક્તિ, પૂજા આદિનો ભાવ આવ્યા વગર રહે નહીં. એકભવતારી ઇન્દ્ર અને શચી આદિ ભગવાનની જિનપ્રતિમા સમક્ષ નૃત્ય કરે છે, આમ ભક્તિ આવ્યા વિના રહે નહીં પણ અંદરમાં જાણે છે કે તે રાગ બંધનું કારણ છે. વ્યવહારનયે તીર્થ આદિની વંદના–પૂજા આદિ હોય છે પણ તે શુભ બંધનું કારણ છે.

ત્રણ લોકનો નાથ નિજ શુદ્ધાત્મા જ દેવ છે, શુદ્ધાત્મા જ ગુરુ અને શુદ્ધાત્મા જ તીર્થ છે તેને આરાધ્ય બનાવ. સાધકદશામાં પૂર્ણ સ્થિરતા થતાં દેવ–ગુરુ–તીર્થની પૂજા વંદના આદિનો ભાવ હોય છે. જિનપ્રતિમા આદિ છે પણ તેના લક્ષે જન્મ–મરણનો અંત આવી જાય તેમ નથી. પરંતુ વચ્ચે વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. પણ તે શુભ બંધનું કારણ છે. હેય બુદ્ધિએ પૂજા–ભક્તિનો ભાવ જ્ઞાનીને આવે છે.

તીર્થક્ષેત્ર છે ત્યાંથી તીર્થંકર આદિ મોક્ષ પધાર્યા છે તેથી ત્યાં વંદના પૂજાએ જઈને તે મોક્ષગામી જીવોના ગુણનું સ્મરણ–ચિંતન થાય છે તેથી તે ભાવ હોય છે, તોપણ તે તરવાનો ઉપાય નથી. નિર્વિકલ્પ વીતરાગતારૂપી છેદ વિનાના વહાણથી જ સંસાર–સમુદ્ર તરી શકાય છે; તે એક જ તરવાનો ઉપાય છે.

વ્યવહારનયથી દીક્ષા–શિક્ષા દેનારા દિગંબર ગુરુ છે અને તેમના ઉપદેશથી પરમાત્મતત્ત્વનો લાભ થાય છે તેથી વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી નિશ્ચય થાય છે તેમ નથી. વ્યવહારનું લક્ષ છોડીને નિશ્ચય થાય છે. ખરેખર તો શુભભાવ સંસાર છે પણ નિશ્ચયવંતને પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાંસુધી તે ભાવ આવ્યા વિના રહેતો નથી, પણ તેનાથી નિશ્ચય પ્રગટે છે તેમ નથી.

મુનિને પણ પંચ મહાવ્રત આદિનો ભાવ આવે છે, દ્રષ્ટિમાં તે હેય છે. પણ અસ્થિરતાના કારણે શુભરાગ આવ્યા વિના રહેતો નથી. છતાં તેઓ તેને આદરણીય માનતા નથી. હેયદ્રષ્ટિ પૂર્વક વ્યવહારનો વિકલ્પ આવે છે, પણ તે જગપંથ છે, મોક્ષપંથ નથી તેમ સાધક જાણે છે. મુનિને પણ શુભભાવ આવે છે પણ જેટલો શુભભાવ છે તેટલો જગપંથ છે. શિવપંથથી તેટલા દૂર છે. છતાં અસ્થિરતાના કારણે આવ્યા વિના રહેતો નથી.

તેથી આચાર્યદેવ કહે છે કે પ્રભુ ! તારા શુદ્ધાત્માને છોડી બહારમાં દેવ–ગુરુ–તીર્થ તરફ ન જા, ન જા. તેના લક્ષે શુભરાગ થશે એમ કહીને વ્યવહારથી ધર્મ થશે તેનો નિષેધ કર્યો છે.

સમકિતીને જ્યારે નિર્વિકલ્પ સ્થિરતા નથી ત્યારે ચિત્તની સ્થિરતા માટે દેવ –ગુરુ–તીર્થ આદિની વંદનાદિનો ભાવ આવે છે, આવ્યા વિના રહેતો નથી, અને તેને પરંપરાએ મુક્તિનું કારણ કહેવામાં આવે છે. પણ કોને ? કે સમ્યગ્દ્રષ્ટિના શુભભાવને પરંપરાએ મુક્તિનું કારણ કહ્યું છે. કારણકે સમ્યગ્દ્રષ્ટિ અશુભ છોડીને શુભમાં આવ્યો છે અને શુભનો અભાવ કરીને શુદ્ધમાં સ્થિર થવાનો છે, તેથી શુભનો અભાવ કરવાનો હોવાથી શુભને પરંપરાએ મુક્તિનું કારણ કહ્યું છે, શુભને રાખીને શુભથી પરંપરા મુક્તિ થતી

( અનુસંધાન પાનુ ૬ )

# ત્રિલોકના સારરૂપ શુદ્ધાત્મા એક જ ધ્યાન કરવા યોગ્ય છે

( તા. ૨૬-૮-૭૬ ના પરમાત્મપ્રકાશની ગાથા ૯૬ ના પ્રવચનમાંથી )

સહજાત્મસ્વરૂપની સન્મુખ થઈને જે દશા પ્રગટે તે આત્મા છે. આત્માને આશ્રયે જે દશા ઉત્પન્ન થાય તે આત્મા છે અને અણાત્માને આશ્રયે જે દશા ઉત્પન્ન થાય તે અણાત્મા છે. આત્માના આશ્રયે જે આત્માની દ્રષ્ટિ ઉત્પન્ન થઈ તે આત્મા છે. અન્ય સર્વ વ્યવહાર છે, અન્ય સર્વ અણાત્મા છે. સમ્યગ્દર્શન તે વિશેષ છે. વિશેષે સામાન્યનો આશ્રય લીધો માટે તે આત્મા છે, તે સિવાય અન્ય સર્વે–દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ કે શાસ્ત્ર–સ્વાધ્યાયનો વિકલ્પ સર્વે અણાત્મા છે, વ્યવહાર છે કેમકે તેમાં આત્માનો આશ્રય નથી.

વિકલ્પથી ખાલી ને અનંત અનંત સ્વભાવથી ભરપૂર, વર્તમાન પર્યાયથી ખાલી ને અનંત આનંદથી ભરપૂર, અખૂટ કેવળજ્ઞાનાદિની પર્યાયનો ભંડાર એવો ભગવાન તું પોતે છો કે જેમાં પરની સાથે સ્નેહ–સંબંધ નથી, તથા રાગનો સંબંધ પણ નથી.

જેણે નિમિત્તનો ને પરનો આશ્રય લીધો છે તે અણાત્મા છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ તેનો આશ્રય લીધો તે આત્મા અને અન્ય સર્વે અરે ! વીતરાગી દેવની શ્રદ્ધા તે પણ અણાત્મા છે, વ્યવહાર છે. અણાત્માથી આત્મા કેમ પ્રાપ્ત થાય ? દેવ–ગુરુ–શાસ્ત્રની પૂજા –વ્રત–દયા–દાન આદિ સર્વે ભાવ તે વ્યવહાર છે, અણાત્મા છે. અરે ! તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય તે ભાવ પણ વ્યવહાર છે, અણાત્મા છે.

જેણે વર્તમાન પર્યાયને રાગ સાથે જોડી દીધી છે તે અયોગી છે અર્થાત્ તે યોગી નથી પણ ભ્રષ્ટ છે. અને જેણે વર્તમાન પર્યાયને દ્રવ્યમાં જોડી છે તે યોગી છે. હવે યોગી ! આત્માના આશ્રયે પ્રગટ થયેલી દશા તે આત્મા છે અને તે સિવાય અન્ય સર્વ ભાવો અણાત્મા છે, વ્યવહાર છે. તેથી હે યોગી ! એક આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે, તે એક જ ત્રણલોકમાં સાર છે.

પરદ્રવ્યની પંચાતમાં ફસાઈ ગયો છે ! પણ એક વીતરાગી નિશ્ચય રત્નત્રય જ ઈષ્ટ છે બાકી સર્વે અનિષ્ટ છે. માટે તારું વલણ ફેરવી નાખ. પર તરફનું વલણ છોડી સ્વતરફનું વલણ કર. જ્યાં સુધી પર, નિમિત્ત કે વિકલ્પનો પ્રેમ છે ત્યાં સુધી આત્માનો દ્વેષ છે. અરે જીવ ! ભાગ્ય વિના આ વાત સાંભળવા પણ ક્યાંથી મળે ? ભગવાન તને કહે છે કે પ્રભુ ! તું તારી સામે જો ને ! ત્યાં સુખ ભર્યું પડ્યું છે. લક્ષ્મી ચાંદલો કરવા

આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. તેમ ભાઈ! આ વાત સાંભળવા મળી, સાંભળવાના ટાણા આવ્યા ત્યારે પહેલાં સંસારના આ કાર્ય કરી લઉં ને પહેલાં તે કાર્ય કરી લઉં–એમ ન હોય; નહીં તો ટાણા ચાલ્યા જશે તે ફરી પાછા નહીં આવે, માટે પહેલાં આ કરી લે.

રાગમાં પ્રીતિવાળાને નિજ પરમાત્માનો વિરહ પડયો છે. ભગવાન આત્મા કે જેની રુચિ આડે ઇન્દ્રના ભોગની પણ રુચિ ઊડી જાય, એવા પર્યાય પાછળ બિરાજમાન પ્રભુની દ્રષ્ટિ વિના પર્યાયની રુચિ છે તેને બંધની રુચિ છે. રાગથી ધર્મ થાય છે એવી માન્યતાથી તને તારા આત્માનો વિરહ પડયો છે.

અબંધ સ્વભાવી આત્માનો નિશ્ચય તે અબંધ પરિણામી છે, તેનાથી બંધ કેમ થાય? આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન, તેની સન્મુખ થતાં તેનો નિશ્ચય થશે, તે સમ્યગ્દર્શન છે. દુઃખથી મુક્ત થવાનો ઉપાય આત્માની સન્મુખદ્રષ્ટિ કરવી તે છે.

નિશ્ચય મોક્ષમાર્ગ તો મોક્ષનું કારણ છે તે બંધનું કારણ કેમ હોય? ત્યારે કહે છે કે બંધ હોય છે ને?–કે નિશ્ચય મોક્ષમાર્ગ સાથે જે રાગ છે–જે વ્યવહાર મોક્ષમાર્ગ છે તેનાથી બંધ થાય છે. અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે તે બંધમાં અકિંચિત્કર છે અને વ્યવહાર મોક્ષમાર્ગ બંધનું કારણ છે તે મોક્ષમાં અકિંચિત્કર છે.

[ પાનું ૪ થી ચાલુ ]

નથી પણ શુભનો અભાવ કરીને અંદર ઠરવાનો છે તેથી શુભના અભાવની અપેક્ષાએ સમ્યગ્દ્રષ્ટિના શુભને પરંપરાએ મુક્તિનું કારણ કહ્યું છે. પરંતુ તેનાથી સાક્ષાત્ સિદ્ધિ થતી નથી. નિશ્ચયદ્રષ્ટિ પૂર્વક શુભભાવ આવ્યો છે અને જરૂર તેનો અભાવ કરશે તથા દ્રષ્ટિમાં તેનો અભાવ વર્તે છે તેથી સમ્યગ્દ્રષ્ટિના શુભભાવને પરંપરાએ મુક્તિનું કારણ શાસ્ત્રમાં કહેલ છે.

સારાંશ એ છે કે પોતાનો આત્મા જ દેવ–ગુરુ અને તીર્થ છે. તેથી તેની આરાધના કરીને અનંત સિદ્ધો થયાં છે. માટે નિજશુદ્ધાત્માની આરાધના કર.

# આત્મા અને આસ્રવનો ભેદ નહીં જાણતો થકો વિકારરૂપ પરિણમતો અજ્ઞાની

( તા. ૬–૭–૭૬ ના પ્રવચનમાંથી )

અજ્ઞાનીને કર્મોનો સંચય કઈ રીતે થાય છે તે વાત સમયસારની ગાથા ૬૯–૭૦ માં આચાર્યદેવ સમજાવે છે.

**આત્મા અને આસ્રવતણો જ્યાં ભેદ જીવ જાણે નહિ,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**
**જીવ વર્તતા ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

જ્ઞાન તે આત્મા–એમ જ્ઞાનમાં એકાગ્ર થતાં જ્ઞાન ને આત્માનો ભેદ દેખાતો નથી એવી જે જ્ઞાનની અભેદ–ક્રિયા તે ધર્મ છે. પરદ્રવ્યની અહિંસાના ભાવરૂપ પુણ્ય–ક્રિયા કે શરીરાદિની ક્રિયા તે ધર્મ નથી, પરંતુ જ્ઞાન તે આત્મા એવી જ્ઞાનમાં એકાગ્ર થવારૂપ જે જ્ઞાનક્રિયા છે તે ધર્મ છે.

કર્તાનું કર્મ શું–કે જ્ઞાનની ક્રિયા તે કર્તાનું કર્મ છે. જીવનો જેવો સ્વભાવ છે તેમાં એકાગ્ર થવું તે તેનું કર્મ છે. જેવો તેનો સ્વભાવ છે તેમાં એકાગ્રતા કરતાં જે ક્રિયા થાય તે સ્વભાવભૂત છે અને તે સ્વભાવભૂત ક્રિયા તે જ ધર્મની ક્રિયા છે.

વ્યવહારની ક્રિયાકાંડના પરિણામ તે સંયોગીભાવ છે. તેમાં દ્રષ્ટિ ન રાખતાં, સ્વભાવભાવ પર દ્રષ્ટિ રાખતાં જે અરાગી પરિણતિ ઉત્પન્ન થાય તે સ્વભાવભૂત ક્રિયા છે. નિમિત્ત ને રાગનું લક્ષ ફેરવી જ્ઞાન તે આત્મા–એમ લક્ષ કરતાં જ્ઞાનની એકાગ્રતારૂપ જે ક્રિયા થાય તે સ્વભાવભૂત હોવાથી તે ક્રિયાને નિષેધવામાં આવી નથી.

દયા–દાન આદિના ભાવો તે સંયોગી ભાવ છે, નિમિત્તના લક્ષે થયા છે. દયા –દાન આદિ આસ્રવો સાથે આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે. જ્ઞાન ને આત્મા એક છે એવો આદર છોડીને જે દયા–દાન આદિપણે પ્રવર્તે છે તેને આત્મા પ્રત્યે ક્રોધ વર્તે છે. તેથી આ આત્મા અને તેને જેમની સાથે સંયોગસિદ્ધ સંબંધ છે એવા રાગ–દ્વેષ–ક્રોધાદિમાં,

પોતાના અજ્ઞાનભાવને લીધે, બેની ભિન્નતાના અજાણપણાને લીધે, બંનેને એકરૂપ માનતો થકો નિઃશંક રીતે રાગ–દ્વેષ–ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે. જેઓ પોતાના સ્વભાવથી ભિન્ન છે, જેમની સાથે તાદાત્મ્ય સંબંધ નથી અને જેઓને આ આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધ છે તેમાં અજ્ઞાનપણાને લીધે પોતાપણે જ્યાંસુધી વર્તે છે ત્યાંસુધી ‘જ્ઞાન તે હું’ –એમ ન જાણતાં ‘રાગ તે હું ’ એમ અજ્ઞાની માને છે.

રાગ–દ્વેષ–ક્રોધાદિની ક્રિયા સ્વભાવભૂત નથી પરંતુ પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે. વ્યવહાર–રત્નત્રય પણ પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવેલ છે, કેમ કે તે નિષેધી શકાય છે. તોપણ રાગની ક્રિયા તે જ મારો સ્વભાવ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે તેથી તે ક્રિયા પરભાવભૂત હોવા છતાં તેને તે ક્રિયામાં સ્વભાવભૂત હોવાનો અભ્યાસ થઈ જવાથી અજ્ઞાની નિઃશંકપણે રાગરૂપ, ક્રોધરૂપ, મોહરૂપ પરિણમે છે.

હવે, જે આત્મા સ્વરૂપના ભાવ વિના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનના પરિણમનરૂપ જ્ઞાતા–દ્રષ્ટાની અવસ્થાનો ત્યાગ કરે છે એટલે કે રાગરૂપે થવું ન જોઈએ અને જ્ઞાતા–દ્રષ્ટાપણે થવું જોઈએ તેને બદલે રાગરૂપે થાય છે તેથી જ્ઞાતા–દ્રષ્ટાપણાને છોડી દે છે. અર્થાત્ સ્વાભાવિક ક્રિયાનો ત્યાગ કરીને રાગરૂપે પરિણમતો પ્રતિભાસે છે તે આત્મા રાગનો કર્તા છે.

આત્મા વિકારનો કર્તા કેમ? કે જ્ઞાતા–દ્રષ્ટાની અવસ્થા છોડીને અજ્ઞાનપણે રાગાદિરૂપ પરિણમતો પ્રતિભાસે છે તેથી તે આત્મા વિકારનો કર્તા છે. તથા જ્ઞાન પરિણતિથી જુદા એવા રાગાદિને પોતા વડે કરાતા પ્રતિભાસે છે તે અજ્ઞાનીનું કર્મ અર્થાત્ કાર્ય છે. અજ્ઞાનીનું કાર્ય દેહાદિની ક્રિયા નથી, અજ્ઞાનભાવે પણ અજ્ઞાની દેહાદિની ક્રિયાનો કર્તા નથી. અજ્ઞાનભાવે અજ્ઞાની માત્ર વિકારીભાવનો કર્તા છે.

આ રીતે અનાદિની અજ્ઞાનભાવે થયેલી કર્તા–કર્મની પ્રવૃત્તિ છે. અર્થાત્ અજ્ઞાનભાવે અજ્ઞાની રાગાદિનો કર્તા અને તે રાગાદિ અજ્ઞાનીનું કર્મ એવી અનાદિથી અજ્ઞાનમાં કર્તા–કર્મની પ્રવૃત્તિ છે. જે વખતે અજ્ઞાની રાગનો કર્તા થઈને રાગાદિરૂપ પરિણમે છે તે વખતે રાગાદિને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ઉપાદાનથી પરિણમતું જડ કર્મ બંધાય છે. જે કાળે રાગ નિમિત્ત છે તે કાળે જ કર્મ પોતે પોતાના ભાવથી જ બંધાવારૂપ પરિણમે છે.

રાગના પરિણમન વખતે જ કર્મના પરિણમનનો સ્વકાળ છે. રાગ છે માટે કર્મ બંધાય છે એમ નથી. કર્મ પોતે પોતાના ભાવથી જ પરિણમે છે. જો રાગ થયો માટે કર્મ બંધાય તો રાગના કાળે બધા પુદ્‌ગલ પરમાણુ કેમ કર્મરૂપ ન પરિણમ્યા? જે રજકણો પોતાના સ્વકાળે કર્મરૂપ પરિણમવાના હતા તે જ પોતાના ભાવ વડે કર્મરૂપે પરિણમ્યા છે.

જ્ઞાન ને આત્મા એક છે એમ જે પરિણમે છે તેમાં દર્શનમોહનો અભાવ હતો એવી અપેક્ષા નથી. તે કાળે દર્શનમોહનો અભાવ હોય છે ખરો, છતાં તેનો અભાવ હતો માટે જ્ઞાનપણે પરિણમ્યો છે એમ નથી. તથા અજ્ઞાનથી રાગાદિપણે પરિણમે છે ત્યારે દર્શનમોહના સદ્‌ભાવને લઈને પરિણમે છે તેમ નથી. તેમજ અજ્ઞાની રાગાદિપણે પરિણમે છે ત્યારે પુદ્‌ગલ પોતે પોતાના ભાવથી જ કર્મરૂપ એકઠા થાય છે, રાગના સદ્‌ભાવને લઈને કર્મરૂપે એકઠા થાય છે તેમ પણ નથી. જડ કર્મની પર્યાયનો રાગ કર્તા નથી અને રાગની પર્યાયનો કર્તા જડ કર્મ નથી. અજ્ઞાનીની રાગાદિરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિમાં જૂના કર્મ નિમિત્ત છે અને નવા કર્મ પોતે પોતાના ભાવથી બંધાય તેમાં રાગાદિ નિમિત્ત છે. આવો અનાદિનો પ્રવાહ છે.

રાગને અને કર્મને પરસ્પર અવગાહ સંબંધ છે એટલે કે એક જગ્યાએ રહેવું એટલો સંબંધ છે તોપણ તેઓની વચ્ચે પરસ્પર કર્તાકર્મ સંબંધ નથી.

એ રીતે જ્યાંસુધી અજ્ઞાની અજ્ઞાનપણાને લીધે રાગાદિનો કર્તા થઈને પરિણમે છે ત્યાંસુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાંસુધી રાગાદિને નિમિત્ત બનાવીને જડકર્મો પોતે પોતાના ભાવથી બંધાય છે. * * *

## * ભાવ-વ્યસન *

અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ-જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ-માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્ચ્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ-મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ-શિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પરપદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે. આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે, અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી.

( સમયસાર નાટકમાંથી )

[ મોક્ષાભિલાષી જીવને...પાનું ૨ થી ચાલુ ]

સારાંશ એ છે કે પુણ્ય, પૈસા અને વિષયની અભિલાષારૂપ ધર્મ–અર્થ–કામના ભાવને છોડીને નિર્મળ જ્ઞાનપરિણતિ દ્વારા પરમપદસ્વરૂપ આત્માને જાણ. ધર્મ–અર્થ–કામના ભાવ પર છે, તારી ચીજ નથી. મહાવ્રતના ભાવરૂપ ધર્મ તે પર છે, દુઃખરૂપ છે. તેની દ્રષ્ટિ છોડી દે ને અંદર સુખામૃત પ્રભુ છે તેની દ્રષ્ટિ કર. ત્યાં દ્રષ્ટિ કરવાથી સુખામૃતની તૃપ્તિ થાય છે.

મહાવ્રતના ને દયા–દાનના પરિણામને ધર્મી ઈચ્છતો નથી. હું તો આનંદકંદ છું – એવી જેને દ્રષ્ટિ વર્તે છે એવા સમકિતીને વ્યવહારધર્મની અર્થાત્ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિની પણ કામના હોતી નથી. અને જેને વ્યવહાર–ધર્મની પણ કામના હોતી નથી એવા સમકિતીને અર્થ–કામની ઇચ્છા કેમ હોય ?

વ્યવહારધર્મની કામના જેને નથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે જો તારે દુઃખથી મુક્ત થવું હોય અને તને મોક્ષની અભિલાષા હોય તો વ્યવહારધર્મની તથા અર્થ–કામની અભિલાષા છોડી દે, અને અતીન્દ્રિય આનંદનો સાગર તું છો એમ વિશ્વાસ કર. ભાઈ ! તને ખબર નથી બાપુ ! કે તું કોણ છો અને શું કરી રહ્યો છો ! તું તો અનંત આનંદ, અનંત સુખ ને અનંત પ્રભુતાનો પિંડ છો, ત્યાં દ્રષ્ટિ કરને !

જેને વ્યવહાર–ધર્મની પણ કામના નથી એવા નિર્ગ્રંથ મુનિને અર્થ–કામની કામના કેમ હોય ? ખરેખર તો ચોથે ગુણસ્થાને પણ રાગની એકતા તૂટી ગઈ છે એટલી નિર્ગ્રંથ દશા છે, દયા–દાન આદિના વિકલ્પની એકતાથી છૂટીને આત્મજ્ઞાન થયું છે એટલી નિર્ગ્રંથ દશા છે. ચોથે ગુણસ્થાને રાગની એકતા તૂટી ગઈ છે તે અપેક્ષાએ નિર્ગ્રંથદશા પ્રગટી છે. મુનિને તો ત્રણ કષાયનો અભાવ થઈ ગયો છે ને એક મહાવ્રતાદિનો વિકલ્પ હોય છે. છતાં તે વ્યવહાર વિકલ્પની તેમને ઇચ્છા નથી. વિકલ્પ આવ્યા વિના રહેતો નથી છતાં તેની ઇચ્છા હોતી નથી. વ્યવહારધર્મની જ્યાં ઇચ્છા હોતી નથી ત્યાં અર્થ–કામની ઇચ્છા કેમ હોય ? અર્થાત્ જેને વ્યવહાર ધર્મનો પણ પરિગ્રહ હોતો નથી તેને અર્થ–કામનો પરિગ્રહ કેમ હોય ? ન જ હોય. જ્ઞાનીને શુભરાગનો પણ પરિગ્રહ નથી ત્યાં અર્થ–કામનો પરિગ્રહ કેમ હોય ? જ્ઞાની તો કેવળ નિજસ્વરૂપને જાણનાર જ છે. અને તારે પણ જો દુઃખથી છૂટીને ક્ષણમાત્રમાં આત્મા પ્રાપ્ત કરવો હોય તો દ્રષ્ટિમાંથી ધર્મ–અર્થ–કામરૂપ ભાવોની અભિલાષાને છોડીને પરમપદનું સેવન કર.

# જ્ઞાનરૂપે પરિણમતા જ્ઞાતાને ક્રોધાદિ પોતાપણે ભાસતા નથી

વસ્તુ સ્વભાવમાત્ર છે, રાગાદિપણે વસ્તુ છે જ નહીં, તેથી વસ્તુને દ્રષ્ટિમાં લેતાં સ્વભાવરૂપ-જ્ઞાનરૂપ પરિણમન થાય છે તે આત્મા છે. જ્ઞાનરૂપ પરિણમવું અને તે કાળે રુચિ પૂર્વક રાગરૂપ પરિણમવું તેમ બે એક સાથે ન હોય. સ્વભાવરૂપ પરિણમતાં જ્ઞાનરૂપ પરિણમન પોતાપણે ભાસે છે પણ રાગરૂપી પરિણમન પોતાપણે ભાસતું નથી. એ રીતે જ્ઞાન અને રાગનો ભેદ જાણે છે ત્યારે રાગાદિમાં કર્તા-કર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં, તેના નિમિત્તે જે બંધ થતો હતો તેની પણ નિવૃત્તિ થાય છે. (તા. ૮-૭-૭૬ ના પ્રવચનમાંથી)

હવે, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે તેમ સમયસારની ગાથા ૭૧ માં આચાર્યદેવ સમજાવે છેઃ

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્માતણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧.**

જગતની કોઈપણ વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને સ્વનું ભવન તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. જેવો સ્વભાવ છે તેવું પરિણમવું તે આત્મા છે. આત્મા જ્ઞાનસ્વભાવમાત્ર છે. તેથી જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમવું તે આત્મા છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તે આત્મા છે અને સ્વનું ભવન-પરિણમન થવું તે આત્મા છે. નિયમસાર ગાથા ૩૮ માં ત્રિકાળી વસ્તુમાત્રને આત્મા કહ્યો છે કેમકે ત્યાં દ્રષ્ટિના વિષયભૂત આત્મા સિદ્ધ કરવો છે. પરંતુ અહીં કર્તાકર્મ સિદ્ધ કરવો છે તેથી સ્વભાવરૂપ નિર્મળ પરિણમન તે આત્મા છે-એમ કહ્યું છે.

વસ્તુ સ્વભાવવાન છે, જ્ઞાનાનંદ તેનો સ્વભાવ છે ને તે સ્વભાવરૂપ પરિણમન થવું તે આત્મા છે. ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ કરતાં જે સ્વાભાવિક પરિણમન થયું તે આત્મા છે. પુણ્ય–પાપના ભાવ તે વિકારી પરિણામ છે. અજ્ઞાની તેને પોતાના માને છે.

નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયરૂપે પરિણમવું તે આત્મા છે પણ વિકારરૂપે થવું તે આત્મા નથી, કેમકે આત્મામાં રાગરૂપે થવું છે નહીં. શુભરાગરૂપે થવું તે સ્વભાવ પ્રત્યે ક્રોધ છે, તે ક્રોધાદિરૂપે થવું તે અણાત્મા છે.

રાગની રુચિપૂર્વક રાગરૂપ પરિણમન તે આત્મા નથી, ક્રોધાદિરૂપ પરિણમન થવું તે આસ્રવ છે, અણાત્મા છે, આત્મા નથી. જે કાળે જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનપણે પરિણમે તે વખતે ક્રોધાદિનું રુચિપૂર્વક પરિણમન નથી. જ્ઞાનરૂપી પરિણમનના કાળે રાગની રુચિપૂર્વક રાગનું પરિણમવું નથી. તે કાળે રાગ હોય તેને જાણવારૂપ પરિણમે પણ જ્ઞાન રાગરૂપે પરિણમે તેમ બને નહીં. સ્વભાવનું પરિણમવું અને તે કાળે રુચિપૂર્વક રાગનું પણ પરિણમવું તેમ બે એક સાથે ન હોય. ધર્મીને રાગ આવે ખરો, પણ તે રાગને જાણતો પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી.

જ્ઞાનપણે પરિણમતા જ્ઞાન થતું માલૂમ પડે છે, જ્ઞાનપણે પરિણમતાં જ્ઞાન ને આનંદની પરિણતિ ભાસે છે અને તે વખતે ક્રોધાદિ હોય તેનું જ્ઞાન થાય છે છતાં ક્રોધાદિરૂપે થવું ભાસતું નથી.

વસ્તુ સ્વભાવમાત્ર છે, રાગાદિપણે વસ્તુ છે જ નહીં. વસ્તુને દ્રષ્ટિમાં લેતા જે જ્ઞાનરૂપ પરિણમન થાય તે આત્મા છે અને તે જ્ઞાનરૂપે પરિણમતાં રાગરૂપે પરિણમવું થતું નથી. જ્ઞાનરૂપે પરિણમતા જાણવાપણે પરિણમું છું એવું જ્ઞાન થાય છે પણ તે વખતે રાગરૂપે પરિણમું છું એવું ભાસતું નથી. જેને જ્ઞાનનું પરિણમન પોતાપણે ભાસે છે તેને રાગનું પરિણમન પોતાપણે ભાસતું નથી.

વિકારની રુચિમાં વિકારપણે થવું ભાસે છે, તે વખતે રાગથી ભિન્ન જ્ઞાનપણે પરિણમવું ભાસતું નથી. સ્વભાવનો આશ્રય લીધો છે તે વખતે શાંતપણે પરિણમું છે એમ ભાસે છે, અશાંતપણે પરિણમું છું એમ ભાસતું નથી. અને વિકારરૂપ પરિણમે છે ત્યારે વિકારરૂપ પરિણમવું ભાસે છે પણ તે વખતે જ્ઞાનરૂપ પરિણમવું ભાસતું નથી. વિકારના પ્રેમની રુચિથી વિકારરૂપે પરિણમે છે ત્યારે હું જ્ઞાનરૂપ છું તેમ ભાસતું નથી.

પર્યાયના પ્રેમમાં રાગપણે પરિણમે છે ત્યારે દુઃખરૂપ જ વેદન છે, તે વખતે અનાકુળ વેદન નથી. જેને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું છે તેને તો હું શુદ્ધપણે પરિણમું છું એમ જ ભાસે છે, વિકારપણે પરિણમવું ભાસતું નથી. અને મિથ્યાદ્રષ્ટિને અશુદ્ધપણે જ

પરિણમવું ભાસે છે, શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી. કારણ કે જે એકલા વિકારની રુચિના પરિણમનમાં આવ્યો છે તેને એકલા વિકારનું જ પરિણમન ભાસે છે પણ શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી. વિકારપણે પરિણમનારને શુદ્ધપણે પરિણમન જ નથી તેથી શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી.

જેને નિજ–આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી.

જે ત્રિકાળી સ્વભાવ છે તેની દ્રષ્ટિ ને રુચિ નથી અને વર્તમાન શુભ રાગાદિના પ્રેમમાં ફસાઈ ગયો છે તે સ્વભાવ પ્રત્યે ક્રોધપણે પરિણમ્યો છે. જેને અંદરમાં રાગપણું જ ભાસ્યું છે તેને આત્મા છે એમ ભાસ્યું જ નથી. તેને સ્વભાવની અરુચિ વર્તે છે.

એ રીતે આત્મા અને ક્રોધાદિને નિશ્ચયથી એક વસ્તુપણું નથી. જો એકવસ્તુ હોય તો ભેદજ્ઞાનમાં જુદી કેમ પડે? આ રીતે આત્મા અને આસ્રવોનો ભેદ દેખવાથી અર્થાત્ ભગવાન આનંદસ્વરૂપ અને દુઃખરૂપ રાગનો–આસ્રવોનો ભેદ જાણે છે ત્યારે પરમાં – રાગાદિમાં કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. અનાદિથી રાગનો કર્તા હું છું અને રાગ મારું કાર્ય છે એવી અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ કે જે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તે નિવૃત્ત થાય છે, અને કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં તેના નિમિત્તે થતો દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. રાગથી ભિન્ન પડીને જ્ઞાન થતાં, અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિના નિમિત્તે જે દ્રવ્ય–કર્મનો બંધ થતો હતો તે અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં, બંધની પણ નિવૃત્તિ થાય છે. એ રીતે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે તેમ સિદ્ધ થયું.

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ ગુજરાતી ભાષામાં આપેલ પ્રવચનો કે જે ટેઈપ કરવામાં આવેલ છે તે ઉપરથી શોર્ટહેન્ડ દ્વારા લિપિબદ્ધ કરી શકે એવી એક વ્યક્તિની આવશ્યકતા છે. ગુરુદેવશ્રી દ્વારા પ્રરુપિત તત્ત્વની રુચિવાળા તેમ જ તેઓશ્રીના પરિચયમાં આવેલને પ્રથમ પસંદગી આપવામાં આવશે. પગાર યોગ્યતાનુસાર.

લખોઃ– મેનેજર
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર).

[ જ્ઞાનકળાનો મહિમા..... ટાઇટલ બેથી ચાલુ ]

જો આ વાસ્તવિક દ્રષ્ટિ કરી નહીં તો જિંદગી નિષ્ફળ ચાલી જશે. પઠન–પાઠન પણ અનંતવાર કર્યું, ભગવાનનું સ્મરણ પણ અનંતવાર કર્યું, હવે એકવાર છ–માસ સુધી લગાતાર આ જ અભ્યાસમાં રુચિ લગાવ. જેમ ટોળામાં નાનું બાળક માતાથી વિખૂટું પડી જાય અને 'મારી બા....મારી....બા' એમ રટણ કરે તેમ છ–માસ આત્માનું રટણ કર, તને આત્માનો વિરહ નહીં રહે, એકવાર લગની લગાવ. બધા કર્તવ્યોમાં આ એક જ કર્તવ્ય છે. આત્માના લક્ષ વિનાના પઠન–પાઠન, સ્તુતિ–ભક્તિ તથા સ્મરણ–ચિંતવનને આચાર્યોએ ઝેર કહ્યા છે કેમ કે ભગવાન આત્મા અમૃતનો સાગર છે અને તેનાથી વિરુધ્ધ ભાવો તે ઝેર છે. ઝેરથી અમૃતસ્વરૂપ આત્માની પ્રાપ્તિ કેમ સંભવે ?

જેમાં પઠન–પાઠન, ભક્તિ–પૂજા આદિનો રાગભાવ નથી એવા ભૂતાર્થનો એકવાર અનુભવ કર. ત્રિકાળી વસ્તુનું એકવાર ગ્રહણ કર. નિર્ણય તો કર કે નિજ ભગવાનને ગ્રહણ કરવો એ જ માર્ગ છે. ત્રિકાળી ભગવાનને સર્વ પ્રકારે ગ્રહણ કરવો તે જ અનાદિ સંસારના પરિત્યાગનો માર્ગ છે એમ નિર્ણય કર.

પરમાર્થનયનો અર્થાત્ ઉત્કૃષ્ટ લક્ષ્મીવંત આત્મપદાર્થનો એકવાર પણ અનુભવ કરે તો ફરી મિથ્યાત્વ ઉત્પન્ન નહીં થાય. એકવાર ભૂતાર્થનો અનુભવ થતાં જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય ? ત્રિકાળી વિજ્ઞાનઘન ઉપર એકવાર આરુઢ થતાં ફરી કેમ પડે ? –અર્થાત્ જ્ઞાનઘન ભગવાનનું જ્ઞાન થતાં જ્ઞાન ક્યાંય જતું નથી તેથી ફરી અજ્ઞાન કેમ થાય ? અને ફરી અજ્ઞાન જ થતું નથી તો બંધન કેમ થાય ?

એક સમયમાં ટંકોત્કીર્ણ જ્ઞાયક પરમાત્મા તે ભૂતાર્થ વસ્તુ છે, તેનું સમસ્ત પ્રકારે ગ્રહણ કરીને એટલે કે એક સમયની પર્યાયમાં તેનું જ્ઞાન કરીને અજ્ઞાનનો નાશ કર. ભૂલ એક સમયની છે, ત્રિકાળીની દ્રષ્ટિ કરતાં તે ભૂલ ટળી જાય છે.

જીવ કયારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી, તેણે ક્યારેય ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે. પણ જ્ઞાયકની દ્રષ્ટિ નહીં હોવાથી, પર્યાયદ્રષ્ટિ હોવાથી માત્ર પર્યાયને–રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ–પર પ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દ્રષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેની દ્રષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દ્રષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ જ્યાં દ્રષ્ટિ અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જો કે શ્રદ્ધાને ખબર નથી કે

‘આ દ્રવ્ય છે’ પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે–જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે ‘આ દ્રવ્ય છે.’

અહીં તો કહે છે કે એકવાર જ્ઞાનની કળી ખીલી ગઈ તે ફરી સંકોચ કેમ થાય? જેમ એકવાર કમળની કળી ખીલી તે પાછી બિડાઈ જતી નથી. તેમ એકવાર જ્ઞાનકળી વિકસિત થઈ તે ફરી બિડાઈ જતી નથી પણ પૂર્ણપણે ખીલી જશે જ. અર્થાત્ એકવાર સમ્યગ્જ્ઞાન થયું પછી મિથ્યાત્વ કેમ થાય? અરે ક્ષયોપશમ સમકિતમાં એટલી તાકાત છે કે એકવાર થયું તે થયું, તે પાછું નહીં પડે. કળી ખીલે તે પાછી સંકોચ ન પામે. એકેન્દ્રિય પુષ્પની આ સ્થિતિ છે તો અહીં તો ત્રણલોકના નાથની જ્ઞાનકળી ખીલી તે પાછી કેમ પડે? –તે પાછી અવરાઈ જાય તેમ કેમ બને?

સમકિત પડી જાય તેવી અપવાદિક વાત અહીં આચાર્યદેવે લીધી જ નથી. અહીં તો જેને જ્ઞાનકળા પ્રગટી છે તેના અદ્‌ભૂત સામર્થ્યનો મહિમા ગાયો છે. એકવાર સ્વભાવનો વિકાસ થયો છે તે ફરી સંકોચ કેમ પામે? જુઓ તો ખરા! ક્ષયોપશમ સમકિતમાં સ્વભાવનો વિકાસ થયો છે અને મિથ્યાદ્રષ્ટિને ૯ પૂર્વ ને ૧૧ અંગનું જ્ઞાન થવા છતાં સ્વભાવનો વિકાસ થયો નથી.

પ્રભુ, તને તારી પ્રતીતિ આવતી નથી! તારી ચીજ આવી છે એમ એકવાર યથાર્થ સ્વીકાર થતાં જે સમ્યગ્જ્ઞાન થયું તે ફરી પાછું અજ્ઞાન થતું નથી. પ્રભુ તારી જ્ઞાનકળા એકવાર ખીલી તે કળા પાછી કયાં જાય? ક્ષયોપશમ સમકિતમાં દ્રવ્યનું જે જ્ઞાન થયું તે જ્ઞાનનો નાશ કયારે થાય? –જેમ દ્રવ્યનો નાશ ન થાય તેમ જે જ્ઞાનકળી ખીલી તે ખીલી તે ફરી સંકોચ પામતી નથી, તેથી ફરી મિથ્યાત્વ ન થવાથી બંધન કેમ થાય? તેથી જેને જ્ઞાન–કળા ખીલી છે તેનો મોક્ષ જ થશે.

- પર્યુષણ મહાપર્વ ઘણા જ ભક્તિ–ઉલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવાયા છે. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મ–અમૃતનો લાભ લેવા અનેક જિજ્ઞાસુઓ સોનગઢ આવ્યા હતા.
- પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ ગામોગામના મુમુક્ષુ મંડળની માગણી મુજબ અનેક વિદ્વાન–વાંચનકારો વાંચન કરવા ગયા હતા. વાંચનકારોના અભાવને લીધે દરેક મુમુક્ષુ મંડળની માગણી સંતોષી શકાઈ ન હતી.

# વિજ્ઞાનઘન સ્વભાવપણે રહેતા જ્ઞાની રાગાદિના સ્વામી થતા નથી

જ્ઞાની પોતાને જ્ઞાન–દર્શનમય, રાગાદિના મમત્વરહિત, એકરૂપ, નિર્મળ પરિણતિના ષટ્કારકોની પ્રક્રિયાથી પાર ઊતરેલી ત્રિકાળી અનુભૂતિ તે હું છું–એમ અનુભવતાં આસ્રવોનો ક્ષય કરે છે.

( તા. ૧૩–૭–૭૬ ના પ્રવચનમાંથી )

જેઓ દુઃખરૂપ છે, અચેતન છે, અશુચિ છે, આત્માની જાતથી વિરુધ્ધ જાતના હોવાથી કજાત છે એવા તે આસ્રવોની નિવૃત્તિની રીત ને વિધિ શું છે?–એવા જિજ્ઞાસુ જીવના પ્રશ્નના ઉત્તરરૂપે સમયસારની આ ગાથા કહેવામાં આવી છેઃ

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩**

હું આ આત્મા એટલે કે બીજા આત્માઓ નહીં પણ હું આ આત્મા પ્રત્યક્ષ છું. મતિ–શ્રુત જ્ઞાનમાં હું પ્રત્યક્ષ છું. હું આ આત્મા એટલે કે પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ અખંડ આત્મા છું. વસ્તુમાં ભેદ ક્યાં છે? એક સમયની પર્યાયમાં ભેદ છે, વસ્તુમાં ભેદ નથી તેથી હું અખંડ છું. હું આ આત્મા કેવો છું?–કે પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્રજ્યોતિ છું. જેની શરૂઆત નથી એવો અનાદિ, જેનો અંત નથી એવો અનંત તથા નિત્ય ઉદયરૂપ છું. વળી કેવો છું?–કે વિજ્ઞાનઘનસ્વભાવ છું, જેમાં પર્યાયના પ્રવેશનો પણ અવકાશ નથી, જેમાં પર્યાય ઉપર–ઉપર તરે છે એવા વિજ્ઞાનઘન–સ્વભાવપણાને લીધે એક છું. ક્ષેત્ર ભલે થોડું હોય, તેથી સાથે સંબંધ નથી, પણ શક્તિનું સામર્થ્ય વિજ્ઞાનઘન છે કે જેમાં પરદ્રવ્ય, નિમિત્ત કે રાગ તો પેસી શકતા નથી, પણ એક સમયની પર્યાય પણ પેસી શકતી નથી–એવા વિજ્ઞાનઘન જ્ઞાનસ્વભાવને લીધે એક છું. આવા વિજ્ઞાનઘનસ્વભાવનો આશ્રય કરતાં મિથ્યાત્વ છૂટી જાય છે.

# ❀ ત્રિકાળી અનુભૂતિમાત્ર હોવાથી શુદ્ધ છે ❀

નિજ આત્મા સિવાય દેશ, કુટુંબ કે શરીરાદિનો હું કર્તા છું અને તે મારું કર્મ છે, હું તેનું સાધન છું આદિ પરના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ–સ્વરૂપ ષટ્કારકોથી રહિત છું. દયા–દાન આદિના શુભભાવના ષટ્કારકની ક્રિયા આત્મામાં નથી. હવે એથી આગળ વાત લઈ જાય છે કે પર્યાયના ષટકારની ક્રિયા પર્યાયની છે. તે પ્રક્રિયાથી પાર ઊતરેલી ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું. નિર્મળ પરિણતિનાં ષટ્કારકોથી ભિન્ન જે નિર્મળ અનુભૂતિ–ત્રિકાળી તે હું છું. પર્યાયના ભેદો લક્ષમાં લેવા, પર્યાયને લક્ષમાં લેવી તે મેચકપણું છે. આત્મા ત્રણપણે પરિણમે –સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપણે પરિણમે એમ લક્ષમાં લેવું તે મેચક છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન નહીં થાય. આત્માને પર્યાયભેદથી જોવો તે અશુદ્ધનય છે, તેનાથી સમ્યગ્દર્શન નહીં થાય. ભગવાન આત્માને પર્યાયના ભેદથી જોવો તે અશુદ્ધ છે. ખરેખર તો જ્ઞાનની, આનંદની, વીર્યની પર્યાયનું ષટ્કારકરૂપી પરિણમન છે તેનાથી પાર ઊતરેલી ત્રિકાળી અનુભૂતિ તે હું છું. પર્યાયના ષટ્કારકના પરિણમનથી ભિન્ન ત્રિકાળી આત્મા તે હું છું.

ત્રિકાળી જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરતાં પરિણતિના ષટકારકની ક્રિયાનું લક્ષ છૂટી જાય છે. પર્યાયના ષટકારકની પ્રક્રિયાથી પર ઊતરેલી જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ તે હું છું એમ લક્ષ કરતાં સમ્યગ્દર્શન થાય છે. વિકારના ષટકારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટકારકનાં પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

ધર્મ કેમ થાય ?–કે એક સમયમાં અભેદ વસ્તુની દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય ને મિથ્યાત્વ ટળે છે. અને પછી પણ અભેદ સ્વભાવમાં જેટલી સ્થિરતા કરે તેટલો આગળ વધે છે. બીજી રીતે–આવી અભેદ વસ્તુની દ્રષ્ટિ ન કરતાં નિમિત્ત ને રાગની દ્રષ્ટિ કરે છે ત્યાં સુધી મિથ્યાત્વ ટળશે નહીં. પર્યાયના ષટકારકની પરિણતિ જેમાં નથી, ત્રિકાળીને જે વિષય કરે છે એવી દ્રષ્ટિ પણ જેમાં નથી એવી શુદ્ધ વસ્તુ હું છું એવો સ્વીકાર આવવો તે ધર્મની રીત ને વિધિ છે.

પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જા–તેની દ્રષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા–દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દ્રષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં.

સમ્યગ્દર્શનની પર્યાયનો હું કર્તા ને તે મારું કર્મ એવા ભેદ ઉપરનું લક્ષ છોડી દે ને જે આખી પૂર્ણ વસ્તુ પડી છે કે જે નિર્મળ પર્યાયના ષટ્કારકોની પ્રક્રિયાથી ભિન્ન હોવાથી શુદ્ધ છે તેને લક્ષ કર. પર્યાયથી પાર ઊતરેલી વસ્તુ છે તે શુદ્ધ છે એવો જે નિર્ણય કર્યો તે પર્યાય પણ વસ્તુમાં નથી.

બાપુ! તું બીજાની દયા પાળી શકે છે એમ માનીને તારા જીવનનું તે મૃત્યુ કર્યું છે. આત્મા જે રીતે જેવો છે તે રીતે તેવો તેં ન માન્યો તેથી તેં તારી હિંસા કરી છે. પરની દયા પાળવાની વાત તો ક્યાંય રહી, અહીં તો પર્યાયના ષટકારકોના સમૂહની પ્રક્રિયાથી ભિન્ન ત્રિકાળી અનુભૂતિમાત્ર છું એમ દૃષ્ટિ કરાવી છે.

## મમત્વહીન છું

પુણ્ય ને પાપના ભાવોનો હું સ્વામી નથી, પુદ્ગલદ્રવ્ય તેનું સ્વામી છે. પુણ્ય–પાપના અનેકપણાનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે. તેના સ્વામીપણે હું સદાય નહીં પરિણમતો એટલે કે રાગાદિ થાય તેનો હું સદાય સ્વામીપણે નહીં પરિણમતો હોવાથી મમતા રહિત છું.

ક્ષાયિક સમ્યગ્દર્શન થયા પછી પણ રાગ આવશે, મુનિ થયા પછી પણ રાગ આવશે, છતાં તેના સ્વામીપણે સદાય નહીં પરિણમતો હું નિર્મળ છું. વિકારના ભાવનું ધણીપણું–સ્વામીપણું પુદ્ગલનું છે, તેના સ્વામીપણે કદી નહીં પરિણમનારો હું છું. વ્યવહાર રત્નત્રયનો રાગ હો, છતાં તે રાગના કર્તૃત્વપણે–સ્વામીપણે સદાય નહીં પરિણમતો હું નિર્મળ છું.

મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. રાગનું સ્વામીપણું તો રાંકાંઈ છે–ભીખારાપણું છે. ગણધરદેવ પણ રાગપણે પરિણમે છે, પણ રાગના સ્વામીપણે પરિણમતા નથી. તુરત વીતરાગતા આવશે નહીં ત્યાં સુધી રાગ આવશે ખરો, પણ રાગના સ્વામીપણે હું પરિણમતો નથી. કેમ કે સ્વ–સ્વામી નામનો મારો ગુણ હોવાથી દ્રવ્ય–ગુણ તે મારા સ્વ ને હું તેનો સ્વામી છું. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

ભવિષ્યમાં જે રાગ થશે તે મારો છે એવું મમત્વ છોડી દે, હું રાગના સ્વામીપણે સદાય નહીં પરિણમતો નિર્મળ છું–એવો હજુ તો વિકલ્પમાં નિર્ણય કરે છે. વિકલ્પમાં પણ એમ નિર્ણય કરતો નથી કે રાગ મારો છે. વિકલ્પ આસ્રવ છે છતાં વિકલ્પમાં પણ એમ નિર્ણય કરે છે કે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવશે પણ સદાય તેના સ્વામીપણે નહીં પરિણમતો હોવાથી હું નિર્મળ છું. દયાદાન આદિના ભાવ થશે, પણ અનુભવની દશા

થયા પહેલાં આંગણે ઊભો રહીને વિકલ્પમાં એમ નિર્ણય કરે છે કે હું રાગનો સદાય સ્વામી નહીં થતો નિર્મમ છું. વિકલ્પથી નિર્ણય કરવામાં એમ નિર્ણય કરવો કે પર્યાયનો આશ્રય લેવામાં અશુદ્ધતા થાય છે, તેથી પર્યાયનો આશ્રય છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ–વસ્તુનો આશ્રય કરતાં મિથ્યાત્વનું–આસ્રવોનું નિવર્તવું થાય છે ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

વસ્તુ કેવી છે? કે ચિન્માત્ર જ્યોતિ છે, ચિન્માત્ર આત્મા છે. વિકારપણે નથી, અલ્પપણે નથી. સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણ હોવાથી દર્શન–જ્ઞાન વડે પરિપૂર્ણ છું. હજુ તો અલ્પજ્ઞ પર્યાયમાં–વિકલ્પમાં આવો નિર્ણય કરે છે કે પર્યાય જેટલો પણ હું નથી. ભલે વિકલ્પ હજુ છૂટે નહીં પણ વિકલ્પની ભૂમિકામાં યથાર્થ નિર્ણય તો કર કે હું દર્શન–જ્ઞાનથી પરિપૂર્ણ છું.

અહો! હું એક છું, શુદ્ધ છું, નિર્મળ છું, પરિપૂર્ણ છું અને આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.–એમ પહેલા રાગસહિત વિકલ્પમાં નિર્ણય કરે છે.

પુણ્ય–પાપના ભાવોની નિવૃત્તિ વડે આત્મામાં સ્થિત રહેતા થકા, મારી પર્યાયમાં પરદ્રવ્યના નિમિત્તે મારાથી થતાં ચૈતન્યના કલ્લોલોને રોકવાથી, આત્માને અનુભવતો થકો અજ્ઞાન વડે થતાં રાગાદિકનો હું ક્ષય કરું છું–આવો પહેલા વિકલ્પમાં નિર્ણય કરે છે. પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ થતાં ચેતનના કલ્લોલો–વિકારને ઉત્પન્ન થવાના નિરોધ દ્વારા આત્માને અનુભવતો થકો ક્રોધાદિનો ક્ષય કરું છું.

ભાઈ! તને રાગની એકતામાં સૂવું ન પાલવે. તે ભગવાનની સોડ નથી. ત્રણલોકનો નાથ રાગની સોડમાં સૂતા રોળાઈ ગયો છે. હવે તું નિર્ણય કર ને જાગ. તને પામવાનો આ રસ્તો છે, તેનાથી તું ઘણો દૂર રહ્યો છે, હવે સમીપ જા.

આ રીતે વિકલ્પથી નિર્ણય કરીને, ઘણા વખતથી વહાણને જેણે પકડયું હતું તેને જેણે છોડી દીધું છે એવા વમળની જેમ, સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે–એવો ભગવાન આત્મા આસ્રવોથી નિવૃત્તે છે. વમળે વહાણને છોડયું ત્યારે છૂટયું છે પણ અહીં તો વિકલ્પને પોતે છોડે છે ત્યારે છૂટે છે અર્થાત્ સર્વ વિકલ્પોને જલ્દી છોડી નાખ્યા છે તે ફરીથી થશે નહીં. આ રીતે નિર્વિકલ્પ અવિચલિત નિર્મળ વસ્તુના અવલંબન વડે આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

જીવ એકરૂપ શુદ્ધ મમત્વહીન પરિપૂર્ણ સ્વભાવમાં રહેતો થકો તેને જ અનુભવે છે ત્યારે રાગાદિ ક્ષય પામે છે. પહેલા વ્યવહારમાંથી સુખબુદ્ધિ ઉડી જાય છે કેમ કે તેનાથી નિવૃત્તિ કરવી છે ને! પ્રતિકૂળ સંયોગો દુઃખ છે તે વાત નથી, પુણ્ય પાપના ભાવ દુઃખરૂપ છે, આકૂળતા છે. ધ્રુવ વસ્તુ નિરાકુળ આનંદ સ્વરૂપ છે, ત્યાં સ્થિર થા તો આસ્રવથી નિવૃત્તિ થશે, દુઃખથી છૂટવાનો આ માર્ગ છે. ❀ ❀ ❀

## પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મ-પ્રભાવનાર્થે જુદા જુદા સ્થળે ગયેલા વાંચનકારોની નામાવલિ અત્રે રજુ કરવામાં આવી છે.

| | વિદ્વાન | સ્થળ | | વિદ્વાન | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | પં. શ્રી ખીમચંદભાઈ શેઠ સોનગઢ, | અમદાવાદ | ૨૫. | પં. શ્રી ઘાંસીલાલજી જૈન ગુના, | ઝાંસી |
| ૨. | ,, લાલચંદભાઇ મોદી રાજકોટ | મુંબઈ | ૨૬. | ,, ધર્મચંદજી જૈન અશોકનગર, | જવેરા |
| ૩. | ,, બાબુભાઈ ફતેહપુર, | ખુરઈ | ૨૭. | ,, સુકનરાજ જૈન સોનગઢ, | બેંગલોર |
| ૪. | ,, યુગલજી જૈન કોટા, | ગોહાટી | ૨૮. | ,, રામકિશોરજી જૈન કોટા, | અલવર |
| ૫. | ,, હુકમચંદજી જૈન જયપુર, | સહારનપુર | ૨૯. | ,, બ્ર. ઝમકલાલજી સોનગઢ | બંડાબેલઈ |
| ૬. | ,, હિંમતભાઈ જોબાલીયા સોનગઢ, | કોટા | ૩૦. | ,, અમોલકચંદજી અશોકનગર, | મલકાપુર |
| ૭. | ,, નેમીચંદજી પાટની આગ્રા, | ગુના | ૩૧. | ,, હીરાલાલજી ગંગવાલ ઇન્દૌર, | ઉદયપુર |
| ૮. | ,, જતીશભાઈ જૈન સનાવદ, | લોહારદા | ૩૨. | ,, પ્રકાશચંદજી ઇંદૌર, | ખનિયાધાના |
| ૯. | ,, ધન્નાલાલજી જૈન ગ્વાલિયર, | ભોપાલ | ૩૩. | ,, રાજમલજી જૈન ભોપાલ, | લલિતપુર |
| ૧૦. | ,, રતનચંદજી જૈન વિદિશા, | ખંડવા | ૩૪. | ,, સુમનભાઈ શેઠ મુંબઈ | સુરેન્દ્રનગર |
| ૧૧. | ,, જ્ઞાનચંદજી જૈન વિદિશા, | જબલપુર | ૩૫. | ,, રંગલાલજી જૈન કુરાવડ, | મહીદપુર |
| ૧૨. | ,, કનુભાઈ દાહોદ | ફિરોજાબાદ | ૩૬. | ,, ઉગ્રસેનજી બંડી ઉજ્જૈન, | કુશલગઢ |
| ૧૩. | ,, નેમીચંદભાઈ રખીયાલ, | તલોદ-સ્ટેશન | ૩૭. | ,, વિજયકુમારજી જૈન બરાયઠા | કરેલી |
| ૧૪. | ,, દીપચંદજી જૈન ઇન્દોર, | હૈદ્રાબાદ | ૩૮. | ,, શાંતિલાલજી શાસ્ત્રી મૌ | મૈનપુરી |
| ૧૫. | ,, તારાચંદજી જૈન શરાફ, | ખાતેગાંવ | ૩૯. | ,, નંદકિશોરજી જૈન વિદિશા | આરૌન |
| ૧૬. | ,, મીશ્રીલાલજી જૈન ગુના, | મુરાર | ૪૦ | ,, પદમકુમારજી જૈન દમોહ, | કુરાવડ |
| ૧૭. | ,, પન્નાલાલજી જૈન કરેલી, | ગઢાકોટા | ૪૧ | ,, પુનમચંદજી માણેકચંદજી, | વડોદરા |
| ૧૮. | ,, નવલચંદભાઈ સોનગઢ, | હિંમતનગર | ૪૨ | ,, ડો. પ્રિયંકરજી હિંગોલી, | બારામતી |
| ૧૯. | ,, રમેશચંદજી જૈન સોનગઢ, | જગદલપુર | ૪૩ | ,, બાબુભાઈ નાથાલાલ જૈન, | ભિન્ડ |
| ૨૦. | ,, કપૂરચંદજી જૈન કેસલી, | કરહલ | ૪૪ | ,, શીખરચંદજી જૈન વિદિશા | બૂંદી |
| ૨૧. | ,, બ્ર. બાબુલાલજી જૈન બરાયઠા, | કેસલી | ૪૫. | ,, બ્ર. હેમરાજજી જૈન, | રાઘૌગઢ |
| ૨૨. | ,, ચંદુલાલ શીવલાલ અમદાવાદ, | મલાડ | ૪૬ | ,, બાબુલાલજી જૈન બીના, | છતરપુર |
| ૨૩. | ,, ચિમનલાલ કામદાર સોનગઢ, | નાગપુર | ૪૭ | ,, માખનલાલજી જૈન મૌ, | કોલારસ |
| ૨૪ | ,, પ્રાણલાલ કામદાર દાદર, | ઘાટકોપર | ૪૮ | ,, ચંદુભાઈ જૈન ફતેપુર, | છીંદવાડા |

| | | |
|---|---|---|
| ૪૯. | પં. શ્રી ભાનુકુમારજી જૈન લલિતપુર, | દાહોદ |
| ૫૦. | ,, શિખરચંદજી જૈન બડૌત, | ઇન્દૌર |
| ૫૧. | ,, જવાહરલાલજી જૈન વિદિશા, | જયપુર |
| ૫૨. | ,, ઉત્તમચંદજી જૈન સિવની, | સોલાપુર |
| ૫૩. | ,, કમલકુમારજી જૈન જવેરા, | કુરાવલી |
| ૫૪. | ,, બ્ર. વજુભાઈ ગિરધરલાલ, | રણાસણ |
| ૫૫. | ,, શાંતિલાલ રેવાશંકર સોનગઢ, | બોટાદ |
| ૫૬. | ,, કૈલાશચંદજી જૈન લલિતપુર, | શિવપુરી |
| ૫૭. | ,, જ્ઞાનચંદજી જૈન કરેલી, | શાહપુરા |
| ૫૮. | ,, , સંતોષકુમારજી જૈન દમોહ, | બકસ્વાહ |
| ૫૯. | ,, નેમીચંદજી શરાફ, મલકાપુર | સેલૂ |
| ૬૦. | ,, રમેશકુમારજી જૈન, લલિતકુમાર | કુણ |
| ૬૧. | પં, શ્રી ધર્મદાસજી જૈન બડૌત, | બેગમગંજ |
| ૬૨. | ,, હિરાલાલ ભીખાલાલ દહેગામ, | કલકત્તા |
| ૬૩. | ,,બ્ર. હેમચંદજી જૈન ભોપાલ, | મદ્રાસ |
| ૬૪. | ,, નરોત્તમદાસજી જૈન ખડેરી, | કટંગી |
| ૬૫. | ,, ચંપાલાલજી જૈન લલિતપુર, | કુંભરાજ |
| ૬૬. | ,, જીવણલાલજી જૈન, | અમરાવતી |
| ૬૭. | ,, વિનોદકુમારજી જૈન, | વાશીમ |
| ૬૮. | ,, અભીનંદનકુમારજી જૈન , | બીના |
| ૬૯. | ,, વિમલચંદજી ઝાંઝરી, | ફતેપુર |
| ૭૦. | ,, મોતીલાલજી આરૂનવાળા, | આગ્રા |
| ૭૧. | ,, રીખવચંદજી મંદોસરવાલા, | આંલોદ |
| ૭૨. | " મનુભાઇ શેઠ બેંગલોર, | ગોંડલ |
| ૭૩. | પં. શ્રી ગોવિંદદાસજી ખડેરી | સનાવદ |

**સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખ-શાંતિમાં બિરાજમાન છે. સવારે શ્રી પરમાત્મપ્રકાશ, પ્રથમ-અધિકારની ગાથા ૧૨૦ ઉપર તથા બપોરે શ્રી સમયસાર, કર્તાકર્મ અધિકારની ગાથા ૧૨૭ ઉપર અધ્યાત્મરસસભર પ્રવચનો ચાલી રહ્યાં છે.**

**( તા. ૧૫-૯-૭૬ )**

**સૂચનાઃ - અનિવાર્ય સંજોગો સિવાય સામાન્ય રીતે ગુજરાતી આત્મધર્મ દર મહિનાની ૨૦ મી તારીખે પ્રગટ થાય છે. ત્યાર બાદ દસ દિવસ સુધીમાં જેમને આત્મધર્મ ન મળે તેમણે આત્મધર્મ કાર્યાલય, સોનગઢને તુરત જાણ કરવી. જેથી યોગ્ય પ્રબંધ કરી શકાય.**

*** કુરાવડ ( રાજસ્થાન ) માં સ્વાધ્યાય ભવનની ઉપર જિન ચૈત્યાલયનું નિર્માણ કરવાનું તથા પંચ કલ્યાણક પ્રતિષ્ઠા કરાવવાનું ત્યાંના મુમુક્ષુ મંડળે અતિ ઉલ્લાસ પૂર્વક નક્કી કરેલ છે.**

કુંભાર ને ઘડાના ન્યાયે,

## જ્ઞાની વિકારનો કર્તા નથી, માત્ર જ્ઞાતા જ છે.

માટી ને ઘડાના ન્યાયે,

## વિકારનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે, જીવ નથી.

વિકારનું લક્ષ છોડાવીને દ્રવ્યસ્વભાવનું લક્ષ કરાવવું હોવાથી અહીં એમ કહ્યું છે કે જેમ ઘડાને ને માટીને વ્યાપ્ય–વ્યાપકભાવ હોવાથી ઘડાનો કર્તા માટી જ છે, પરંતુ ઘડાને ને કુંભારને વ્યાપ્ય–વ્યાપકભાવનો અભાવ હોવાથી કુંભાર ઘડાનો કર્તા નથી. તેમ રાગાદિ વિકારી પરિણામને તથા પુદ્‌ગલને વ્યાપ્ય–વ્યાપકભાવ હોવાથી રાગાદિનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે, પરંતુ વિકારી પરિણામને તથા જીવને વ્યાપ્ય–વ્યાપકભાવનો અભાવ હોવાથી વિકારનો કર્તા જીવ નથી. જીવ તો માત્ર જ્ઞાતા જ છે અને જ્ઞાન તેનું કર્મ છે.

**( તા. ૧૯-૭-૭૬ ના સમયસાર પરના પ્રવચનમાંથી )**

જ્ઞાનીનું લક્ષણ સમજાવતાં આચાર્યદેવ કહે છે કેઃ–

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

મોહ એટલે કે પરવસ્તુ પ્રત્યેનો ઉત્સાહભાવ રાગ એટલે કે પ્રેમ, દ્વેષ એટલે કે અણગમો તથા હર્ષ–શોક આદિ રૂપ અંતરંગમાં પરના નિમિત્તે થતા વિકારી પરિણામ તથા સ્પર્શ, રસ આદિ રૂપ નોકર્મના પરિણામ તે બધાય નિશ્ચયથી પુદ્‌ગલના પરિણામ છે. મોહ, રાગ, દ્વેષરૂપ ભાવકર્મ કે જે જડકર્મના સંગે ઉત્પન્ન થયેલા છે તે પુદ્‌ગલના પરિણામ છે, જીવના પરિણામ નથી. પુણ્ય–પાપના ભાવ, પંચમહાવ્રતના ભાવ કે ભગવાનની ભક્તિનો તથા દયા–દાન આદિનો ભાવ તે બધાય પુદ્‌ગલના પરિણામ છે. ભાવકર્મ, જડકર્મ અને નોકર્મ બધાય પુદ્‌ગલના પરિણામ છે.

પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્ભાવ છે, તેથી ઘડો તે કર્મ–કાર્ય છે અને માટી તેનું કારણ–કર્તા છે; પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય–વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી.

પુદ્ગલને તથા વિકારી પરિણામને વ્યાપ્ય–વ્યાપકપણું હોવાથી પુદ્ગલને તથા વિકારી પરિણામને કર્તાકર્મપણું છે, તેથી પુદ્ગલ કર્તા ને રાગ તેનું કર્મ છે. જેમ માટી કર્તા ને ઘડો તેનું કર્મ છે તેમ પુદ્ગલ કર્તા અને રાગ તેનું કર્મ છે. પરંતુ જીવ કર્તા ને રાગ તેનું કર્મ એમ નથી. ગોમ્મટસારમાં જ્ઞાનાવરણ આદિનો કર્તા જીવ કહ્યો છે ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, જ્યારે અહીં વિકારનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે તેમ કહીને જીવનું કાર્ય જ્ઞાતાદ્રષ્ટા છે તે વાત સિદ્ધ કરવી છે.

માટી વ્યાપક અર્થાત્ કર્તા અને ઘડો તેનું વ્યાપ્ય–કર્મ છે, તેથી બે કારણ હોય તો કાર્ય થાય એ વાત રહેતી નથી. ઘડારૂપે થનાર માટી છે, પણ ઘડારૂપે કુંભાર થતો નથી. પુદ્ગલપરિણામને એટલે કે શરીરની અવસ્થાને, પુણ્ય પાપના ભાવને, વ્યવહાર–રત્નત્રયના ભાવને અને પુદ્ગલને વ્યાપ્ય–વ્યાપક સંબંધ છે. તેથી પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે જીવ નથી. રાગ સાથે અભિન્નપણું જીવને નથી પણ પુદ્ગલને છે. અહીં તો સ્વભાવ અને વિભાવ વચ્ચે ભેદજ્ઞાન કરાવવાની વાત છે.

રાગના પરિણામ તે જીવના નથી, રાગના પરિણામને જ્ઞાન જાણે, તે જ્ઞાનના પરિણામનો જીવ કર્તા છે અને જ્ઞાનના પરિણામ તે જીવનું કાર્ય છે. ધર્મી એમ જાણે છે કે રાગના પરિણામ છે તેનો કર્તા પુદ્ગલ છે, હું તો રાગના પરિણામનો જ્ઞાતામાત્ર છું.

આત્માનું જ્યાં જ્ઞાન થયું ત્યાં ધર્મીને જે કાંઈ રાગ થાય તે રાગ પુદ્ગલનું કાર્ય છે. નિશ્ચયથી જેમ પુદ્ગલનો કર્તા જીવ નથી તેમ વિકારનો પણ કર્તા જીવ નથી. પર્યાયમાં રાગની ક્રિયા પોતાથી પોતામાં પોતાના કારણે છે, પરથી થતી નથી–તેમ પહેલા બરાબર નક્કી કરીને, જ્યારે દ્રવ્યસ્વભાવ પર જવું છે ત્યારે વિકારના પરિણામનો કર્તા પુદ્ગલ છે–એમ વિકારનું લક્ષ છોડીને દ્રવ્યસ્વભાવનું લક્ષ કરે છે. પણ તેથી વિકારના પરિણામ કર્મના લઈને થયા છે એમ નથી, પરંતુ દ્રવ્યસ્વભાવથી થયા નથી એમ કહીને દ્રવ્યદ્રષ્ટિ કરાવવી છે.

માટીને અને ઘડાને કારણકાર્યપણું છે, વ્યાપ્ય–વ્યાપકપણું છે; પણ કુંભારને અને ઘડાને કારણકાર્યપણું નથી તેથી કુંભાર ઘડાનું કારણ નથી. તેમ પુદ્ગલ પરિણામને

અને પુદ્ગલને વ્યાપ્ય–વ્યાપક સંબંધ છે. પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ પરિણામનો કર્તા છે, શરીરની, વાણીની અવસ્થામાં આત્મા વ્યાપક નથી, તેમાં પુદ્ગલ વ્યાપક છે. તથા રાગ થાય તેમાં આત્મા વ્યાપક નથી, તેમાં પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થતો હોવાથી રાગનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે પણ જીવ તેનો કર્તા નથી.

શુભાશુભભાવને સ્વતંત્રપણે પુદ્ગલદ્રવ્ય કરે છે. સ્વતંત્રપણે વ્યાપક એવા પુદ્ગલદ્રવ્ય વડે વ્યપાતા રાગાદિના ભાવો તે પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે.

શુભાશુભભાવ અને શરીરની ચેષ્ટાઓ તેને પુદ્ગલદ્રવ્ય કર્તા થઈને કરતું હોવાથી તે પરિણામને અને આત્માને, કુંભાર અને ઘડાની જેમ વ્યાપ્ય–વ્યાપક સંબંધનો અભાવ હોવાથી કર્તાકર્મપણું નથી. અર્થાત્ જેમ કુંભારને અને ઘડાને વ્યાપ્ય–વ્યાપક સંબંધનો અભાવ હોવાથી કર્તાકર્મનો અભાવ છે તેમ જીવને અને વિકારી પરિણામને વ્યાપ્ય–વ્યાપક સંબંધનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે, તેથી જીવ વિકારી પરિણામનો કર્તા નથી.

પુદ્ગલ પરિણામનું જ્ઞાન એટલે કે રાગ–દ્વેષના જે પરિણામ થયા તે કાળે, રાગ–દ્વેષના લઈને નહીં પણ સ્વને જાણતાં સ્વ–પર પ્રકાશક જ્ઞાનવડે રાગને જાણે છે, તે રાગ સંબંધીનું જ્ઞાન જીવનું કર્મ છે અને જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા છે. ખરેખર તો પુદ્ગલપરિણામનું જ્ઞાન નથી પણ જે પ્રકારના પરિણામ છે તે પ્રકારનું તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે, તેને કર્તાપણે જીવ કરે છે અને તે જ્ઞાન જીવનું કાર્યરૂપ કર્મ છે, પણ રાગના પરિણામનો જીવ કર્તા નથી.

રાગાદિ થાય છે તેને અહીં પુદ્ગલના પરિણામ કહ્યા છે, કારણ કે એવી કોઈ શક્તિ–ગુણ નથી કે જીવ રાગને કરે, રાગાદિ તથા શરીરની અવસ્થા પુદ્ગલની છે, પુદ્ગલથી થયેલી છે, તેનું આત્મા જ્ઞાન કરે, તે જ્ઞાનમાં તેઓ નિમિત્ત ભલે હો પણ તેનો કર્તા આત્મા નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ પર તથા રાગ ઉપર હોવાથી તે રાગનો કર્તા થાય છે. પરંતુ ચૈતન્યજ્યોતિ રાગથી ભિન્ન છે એવું જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં ભેદજ્ઞાનની પરિણતિમાં જ્ઞાની રાગાદિને સ્વતંત્રપણે જાણે છે, જાણવામાં પરની અપેક્ષા નથી. જાણવાનો પોતાનો સ્વભાવ છે તેથી જ્ઞાન સ્વને ને પરને જાણે છે, તે આત્માનું કર્મ છે.

દુઃખનું કારણ અને દુઃખની દશા આત્મામાં નથી એવું ભેદજ્ઞાન કરતાં સ્વને જાણે અને રાગાદિને જાણે એ જાણવું તે કર્મ છે, સ્વતંત્રપણે જાણવું થાય છે. ચારિત્ર–

મોહનો અભાવ થયો માટે ચારિત્રની પર્યાય થઈ તેમ નથી. પરની દયા પાળવાનું કાર્ય તો આત્મા કરી શકતો નથી પણ દયાના ભાવનો પણ કર્તા આત્મા નથી, દયાના ભાવ સંબંધીનું જે જ્ઞાન થાય તે જાણવાના કાર્યનો સ્વતંત્રપણે આત્મા કર્તા થાય છે.

વળી જ્ઞાતા રાગાદિને જાણે છે તેથી એમ પણ નથી કે રાગ જ્ઞાતાનું કાર્ય છે. જાણનારો પ્રભુ પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી એમ નથી કે રાગ આત્માનું કાર્ય છે, કારણ કે ભગવાન આત્મા અને રાગાદિ પુદ્ગલને માત્ર જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે. દયા–દાન આદિ રાગ તે પરજ્ઞેય અને આત્મા જ્ઞાયક એવો જ્ઞેય–જ્ઞાયક સંબંધ વ્યવહાર માત્ર છે.

વિકાર જેમાં નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે અર્થાત્ તે જ્ઞાન આત્માનું કાર્ય છે. દયા–દાન–વ્રતાદિના શુભભાવ જેમાં નિમિત્ત છે એવું જ્ઞાન એટલે કે તે શુભભાવ સંબંધી જ્ઞાન થવામાં જ્ઞાન પોતે ઉપાદાન છે ત્યારે રાગાદિ તેમાં નિમિત્ત છે, પણ તેનો અર્થ એમ નથી કે રાગાદિ નિમિત્ત કારણ વડે જ્ઞાન થયું; પરંતુ જ્ઞાન પોતાના ઉપાદાનથી જ થયું છે. રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી થયું છે, એવું જે જ્ઞાન કે જેમાં રાગાદિ નિમિત્ત છે તે જ્ઞાન જ્ઞાતાનું વ્યાપ્ય છે પણ નિમિત્ત જ્ઞાતાનું વ્યાપ્ય નથી.

આત્મા જ્ઞાયક ને પર જ્ઞેય એવો જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞેય તે આત્માનું વ્યાપ્ય નથી. જ્ઞેય સંબંધીના જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત હોવા છતાં જ્ઞેય આત્માનું વ્યાપ્ય અર્થાત્ કાર્ય નથી. એ રીતે જ્ઞાન તે જ જ્ઞાતાનું કર્મ છે–આમ વિકારાદિ પુદ્ગલ–પરિણામનો માત્ર જ્ઞાતા જ રહે છે તે જ્ઞાની છે.

## જ્ઞાયકના સંસ્કાર

**આ દ્રવ્ય સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક.....જ્ઞાયક છું, રાગાદિ તે હું નહીં-એમ સંસ્કાર નાખે તેને કાર્ય ( સમ્યગ્દર્શન ) થવાનું જ.**

**( શ્રાવણ વદ ૧, પૂ. ગુરુદેવની રાત્રિચર્ચામાંથી )**

# જ્ઞાનગોષ્ઠી

પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિને જાતિસ્મરણ હોય એવો નિયમ છે?

ઉત્તરઃ– સમ્યગ્દ્રષ્ટિને જાતિસ્મરણ હોય જ એવો નિયમ નથી, મુનિઓને પણ જાતિસ્મરણ હોવાનો નિયમ નથી, તિર્યંચને પણ કોઈને જાતિસ્મરણ હોય છે. તીર્થંકરોને વૈરાગ્યકાળે જાતિસ્મરણ થાય જ છે એ નિયમ છે. પણ પહેલા પોતાના ધ્રુવ જ્ઞાયક સ્વભાવની જાતિનું ભાન થવું તે જ ખરૂં અને નિશ્ચય જાતિસ્મરણ છે કે જેના સ્મરણથી ભવભ્રમણનો અંત આવે છે.

પ્રશ્નઃ– દેવ–શાસ્ત્ર–ગુરુ આત્મસ્વરૂપ કહે છે તેમ જે જીવ માને તે જીવ ભવ્ય જ હોય કે અભવ્ય પણ હોઈ શકે?

ઉત્તરઃ– દેવ–શાસ્ત્ર–ગુરુ આત્માનું સ્વરૂપ કહે છે તેમ જે જીવ યથાર્થપણે માને છે –સ્વીકારે છે તે જીવ સમ્યગ્દ્રષ્ટિ જ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ જ યથાર્થપણે દેવ –શાસ્ત્ર–ગુરુને માની શકે છે. સમ્યગ્દ્રષ્ટિ ભવ્ય જ હોય છે. સમ્યગ્દર્શન ઉપરથી બીજાની ભવ્યતાનો નિર્ણય પણ થઈ શકે છે તેમ ધવલમાં પાઠ છે.

પ્રશ્નઃ– સમયસાર આદિ નિમિત્તથી લાભ તો લ્યો છો ને નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય નહિ તેમ કહો છો?

ઉત્તરઃ– અરે પ્રભુ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્ય રૂપે પરિણમે છે. તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. “યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે.” કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદ્રષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્ય કાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે.

પ્રશ્નઃ– જ્ઞાનનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક હોવાથી જ્ઞાનમાં આત્મા સ્વયં જણાય જાય છે તો પછી આત્માને જાણવાનો પ્રયત્ન શું કરવો?

ઉત્તરઃ– એ તો શાસ્ત્રકારે વાત કરી કે જ્ઞાનનો જાણવાનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે, પણ અજ્ઞાની એ વાત ક્યાં માને છે? અજ્ઞાનીનું લક્ષ તો બહારમાં છે એ લક્ષ અંદરમાં જાય ત્યારે દ્રવ્ય પર્યાયમાં જણાય છે.

પ્રશ્નઃ– સ્વાનુભૂતિ કરવા માટે કયું શાસ્ત્ર વાંચવું?

ઉત્તરઃ– શાસ્ત્રને વાંચવાથી અનુભૂતિ થતી નથી પણ આત્માને વાંચવાથી અનુભૂતિ થાય છે. તે માટે છ માસ અભ્યાસ કરવાનું કહ્યું છે. પઠન–પાઠન આદિ બધુ વિકલ્પ છે. દિવ્યધ્વનિ સાંભળતા જે જ્ઞાન થાય છે તે પણ પરલક્ષી જ્ઞાન છે. તે જ્ઞાનથી અંદર જવાતું નથી પણ પર તરફનું લક્ષ છોડીને, સ્વસન્મુખ જઈ શકાય છે. અને અંદર જાય ત્યારે દિવ્યધ્વનિ સાંભળીને અંતર્મુખ થયો તેમ ઉપચાર કરીને કહેવાય છે.

પ્રશ્નઃ– મિથ્યાત્વનો નાશ સ્વસન્મુખ થવાથી થાય છે–એ એક જ ઉપાય કહો છો તો કાંઈક બીજો ઉપાય બતાવો?

ઉત્તરઃ– સ્વાશ્રયથી જ મિથ્યાત્વનો નાશ થાય છે, તે એક જ ઉપાય છે ને બીજો ઉપાય પ્રવચનસાર ગાથા ૮૬ માં કહ્યું છે કે સ્વલક્ષે શાસ્ત્રાભ્યાસ કરવો તે ઉપાયાંતર એટલે કે બીજો ઉપાય છે. તેનાથી મોહનો ક્ષય થાય છે.

પ્રશ્નઃ– આ બાજુ (અંદરમાં) વળવાની રીત શું છે?

ઉત્તરઃ– રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની સન્મુખતાથી ખસીને અંદર જ્ઞાયક સન્મુખ જ્ઞાનની પર્યાય ઢળે એટલે બસ. પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો, પહેલા પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદ્રષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દ્રષ્ટિ થયો, આ તો અંદરથી આવેલી વસ્તુ છે, દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે.

* જીવને કર્મ–નોકર્મનો સંબંધ તો અસદ્ભૂત વ્યવહારનયથી હોવાથી ખરેખર સંબંધ નથી, જીવને રાગાદિનો સંબંધ પણ અશુદ્ધ–નિશ્ચયનયથી હોવાથી ખરેખર સંબંધ નથી અને મતિજ્ઞાનાદિ વિભાવ ગુણ–પર્યાયનો સંબંધ પણ જીવને કાયમી રહેતો ન હોવાથી અશુદ્ધનયથી છે. ખરેખર ધ્રુવ ચૈતન્યસ્વભાવ એ બધા સંબંધોથી ભિન્ન ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ છે.

* નિર્મળ પરિણામ હો કે મિલન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર જ છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ– ગુણસ્વભાવ –પર્યાયસ્વભાવ–મહાગંભીર સ્વભાવ છે.

* ક્યાંય વિરોધ જેવું હોય ત્યાં જવું જ ન જોઈએ અને કદાચ જવાનું થઈ જાય તો મૌન રહેવું જોઈએ. આ અંતરનો માર્ગ તો એવો છે કે સહન કરી લેવું જોઈએ. વિરોધમાં પડવું નહિ, પોતાનો ગોળ પોતે ચોરીથી અર્થાત્ છુપી રીતે ખાઈ લેવો જોઈએ, ફંફેરો કરવા જેવો કાળ નથી. પોતાનું સંભાળી લેવા જેવું છે. વાદવિવાદમાં ઊતરવા જેવું નથી. ( પૂ. ગુરુદેવ )

* દેવ–ગુરુ–શાસ્ત્ર એ તો પરદ્રવ્ય છે, એ પરદ્રવ્યના વિકલ્પથી તું પ્રાપ્ત ન થઈ શકે એવી તારી મોટપ છે, એ મોટપને તું ન માન એ તારી હિણપ થાય છે વિકલ્પને મોટપ આપવા જતાં તું મરી જઈશ. ભાઈ! તું સત્ સ્વરૂપ છો. સતસ્વરૂપ તે અસતરૂપ એવા વિકલ્પને આશ્રયે કેમ પમાય? વ્યવહારે જે વિકલ્પોને સાધક કહ્યાં હતા તે બધા પરમાર્થે બાધક છે. શુભ વિકલ્પોને વ્યવહારે પુણ્ય કહ્યા છે તોપણ અનુભવી જીવો પરમાર્થે તેને પાપ કહે છે. તેથી તેને છોડ અને નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુને જાણ, અનુભવ કર.

* દેહને પરદ્રવ્ય કહ્યું છે તે જીવથી ભિન્ન અજીવ હોવાથી કહ્યું છે, રાગને પરદ્રવ્ય કહ્યો છે તે જીવ સ્વભાવથી વિરુધ્ધ જાતનો હોવાથી પરદ્રવ્ય કહેલ છે અને શુદ્ધ પર્યાયને પણ નિયમસારમાં પરદ્રવ્ય કહી છે કેમ કે જેમ પરદ્રવ્યમાંથી નિર્મળપર્યાય આવતી નથી તેમ પોતાની પર્યાયમાંથી પણ નવી નિર્મળપર્યાય આવતી નથી અને નિર્મળપર્યાયના લક્ષે વિકલ્પ ઉઠતો હોવાથી તે અપેક્ષાથી શુદ્ધ પર્યાયને પણ પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. જે અપેક્ષાથી કહ્યું હોય તેમ સમજવું જોઈએ.

* સર્વજ્ઞની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ છ દ્રવ્ય આવતા નથી. અનંતા કેવળીઓનું જ્ઞાન આવે છે પણ અનંતા કેવળીઓ જ્ઞાનમાં આવતા નથી. તેમ એક સમયની પર્યાયમાં અવ્યક્ત ધ્રુવવસ્તુનું જ્ઞાન પર્યાયમાં આવે છે પણ ધ્રુવવસ્તુ પર્યાયમાં આવતી નથી. ધ્રુવવસ્તુ પર્યાયને સ્પર્શતી નથી–અડતી નથી. ધ્રુવવસ્તુ અવ્યક્ત છે તે વ્યક્ત પર્યાયમાં આવતી નથી.

* પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકુ ટચ, આટલું બસ. હું નિર્વિકલ્પ છું, શુદ્ધ છું, જ્ઞાયક છું, ચૈતન્ય–સામાન્ય અભેદ છું એમ શ્રદ્ધાના દ્રઢ સંસ્કાર નાખવા જોઈએ.

* સમયસાર ગાથા ૩૭૨ માં વિકાર તે જીવના પરિણામ છે તેમ કહ્યું છે અને અહીં સમયસાર ગાથા ૫૦ થી ૫૫ માં વિકારને કર્મના નિમિત્ત તરફનો ભાવ છે તે જીવનો સ્વભાવ ન હોવાથી વિકારને કર્મના પરિણામ કહ્યાં છે, તેથી કોઈ એકાન્ત એમ માને કે વિકાર તે કર્મનું જ કાર્ય છે તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

વળી વિકારને સ્વ–પર હેતુક પણ કહેવામાં આવે છે. ત્યાં વિકારનું નિમિત્ત કોણ છે તે બતાવી પ્રમાણનું જ્ઞાન કરાવવા કહ્યું છે કે વિકાર તે જીવના પરિણામ છે. પણ તે કર્મના લક્ષે થતો હોવાથી કર્મનું કાર્ય છે તેમ કહેવામાં આવે છે ત્યાં બે કારણમાં ખરૂં કારણ તો એક જ છે અને નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજું કારણ ઉપચારથી કહ્યું છે. તેમ મોક્ષમાર્ગમાં પણ જે બે કારણ કહ્યાં છે તેમાં નિર્મળ પરિણામ તે એક જ ખરૂં કારણ છે અને રાગને કારણ કહ્યું છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા ઉપચારથી કહ્યું છે.

* ભાવ આસ્રવના પરિણામ નિશ્ચયથી જીવના છે. જીવ તેને ઉત્પન્ન કરે છે તેમ સિદ્ધ કર્યા પછી જ્યારે ચૈતન્યસ્વભાવનો સ્વાનુભવ કરે છે ત્યારે સ્વાનુભવમાં આસ્રવભાવ આવતો નથી, ભિન્ન રહી જાય છે તેથી તેને જીવના કહેવામાં આવતા નથી. પણ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી તે ભાવને પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે, તેથી વર્ણાદિથી માંડી રાગાદિ અને ૧૪ ગુણસ્થાનના ભેદોને પુદ્ગલ દ્રવ્યના પરિણામ કહ્યાં છે. ઉદયભાવ છે તે જીવતત્ત્વ છે તે વ્યવહારથી છે, પરમાર્થમાં ઉદયભાવ છે તે અજીવતત્ત્વ છે.


* વર્ણાદિ પુદ્ગલ જીવમાં નથી એ તો ઠીક, અને રાગાદિ વિકાર પણ જીવમાં નથી એ પણ ઠીક, પરંતુ સંયમ લબ્ધિસ્થાન અને ગુણસ્થાનના જે ભેદો પડે છે તે પણ જીવમાં નથી કેમ કે અનુભૂતિમાં ભેદ ભાસતો નથી તેથી તે ભેદો જીવમાં નથી પણ પુદ્ગલના પરિણામ છે તેમ કહ્યું છે.

* એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી એવો દ્રવ્યસ્વભાવ એ ગૂઢસ્વભાવ છે, એ રહસ્યસ્વભાવ છે. પર્યાય પાછળ અનંત–અનંત જ્ઞાન–આનંદસ્વભાવ પડયો છે તે ગૂઢવાત છે–રહસ્ય–વાત છે, એની સન્મુખ પર્યાય વળતા આનંદ પ્રગટે છે.

પ્રશ્નઃ– જે ઘરે જવું ન હોય તેને જાણવાનું શું કામ? તેમ વ્યવહારને છોડવા જેવો છે તો તેને જાણવાનું શું કામ છે?

ઉત્તરઃ– જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે.

(સ્થળ સંકોચના કારણે વધુ આવતા અંકે)




* કુર્લાનિવાસી ધનલક્ષ્મીબેન રમણિકલાલ પંચમિયા (ઉં. વ. ૩૯) અષાઢ વદ ૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવની ૮૭ મી જન્મ–જયંતીનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.
* કલકત્તાનિવાસી કનૈયાલાલ નરભેરામ દફતરીના પિતાશ્રી નરભેરામભાઈ (ઉં. વ. ૮૩) તા. ૧૧–૭–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.
* વઢવાણનિવાસી શ્રી અમૃતલાલ નાગરદાસ (ઉં. વ. ૬૩) તા. ૨૧–૭–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર પૂજ્ય ગુરુદેવના પ્રવચનનો લાભ લેતા હતા. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.
* વઢવાણનિવાસી રતીલાલ જેચંદભાઈ દોશી (ઉં. વ. ૬૫) તા. ૨૭–૮–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓએ વઢવાણ જિનમંદિરની પ્રતિષ્ઠા–મહોત્સવમાં ભક્તિપૂર્વક ભાગ લીધો હતો. અવાર–નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા હતા. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા–ભક્તિ હતી.
* શ્રી કાંતિલાલ નાનચંદ મહેતાના માતુશ્રી કમળાબેન ભાદરવા સુદ ૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દેવ–ગુરુ–ધર્મ પ્રતિ શ્રદ્ધા–ભક્તિ હતા અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા હતા.

**સદ્ગત આત્માઓ દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે આત્મોન્નતિ પામો.**

# સુગમ દ્રષ્ટાંત-ગહન સિદ્ધાંત

# જ્ઞાનમાં સમાધાન કરવાની અચિંત્ય શક્તિ

ચેતન અને કેતન નામના બે મિત્રો હતાં. બન્ને વિદ્યાભ્યાસ પૂરો કરીને પોત પોતાના પિતાજીના ધંધામાં જોડાયા. કેતનના પિતાજી શ્રીમંત હતા. તેમની પાસે દશ લાખની રોકડ રકમ હતી. કેતનને થયું કે મારા પિતાશ્રી ઘણું કમાયા છે તો હું તેમનાથી પણ વધુ કમાણી જલ્દી કરી લઉં. પૈસા કમાવાના કોડમાં ને કોડમાં કેતન સટ્ટાને રસ્તે ચડી ગયો. અને એક દિવસે મોટી આશામાં ને આશામાં સટ્ટાના એક મોટા સોદામાં ભારે નુકશાની જતાં તે બે લાખ રૂપિયાનું દેણું કરી ચૂક્યો. તેથી તે બહુ મુંઝાઈ ગયો. લેણદારને મોઢું શું બતાવવું એ પ્રશ્ન તેને બહુ મુંઝવવા લાગ્યો. પિતાજી બહુ જુની રૂઢીના માણસ હતા. આટલા મોટા દેણાની તેઓ વાત પણ સાંભળી શકે તેવું ન હતું. તેથી તેઓ દેણું ચુકવી આપે તેવી આશાનું કેતનના હૃદયમાં સ્થાન જ ન હતું. અંતે મુંઝાઈને કેતને આત્મઘાત કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણયની તેણે પોતાના પરમ મિત્ર ચેતનને ખાનગીમાં વાત કરી. ચેતને કહ્યું ભાઈ! આવું અવિચારી પગલું તું ભરીશ નહિ. હું તારા પિતાજીને સમજાવીને લેણદારને આપવાની બે લાખની રકમ લાવી આપીશ. માટે તું ઉતાવળ કરીશ નહિ.

ચેતન તુરત કેતનના પિતાજી પાસે ગયો. પિતાજીના કુશળ સમાચાર પૂછીને, પિતાજીને ધીરે ધીરે કેતનને ગયેલી નુકશાનીની વાત ગંભીરતાથી કરી તથા રૂપિયા બે લાખ આપીને કેતનને મુંઝવણમાંથી બચાવી લેવા આજીજી કરી. કેતનના પિતાજી આટલી મોટી નુકશાનીની વાત સાંભળતાં જ એકદમ ગુસ્સે થઈ ગયા અને રૂપિયા આપવાની સ્પષ્ટ ના પાડી.

થોડીવારમાં કેતનના પિતાજીનો ગુસ્સો ઓછો થયો અને તેઓ થોડા શાંત થયા એટલે ચેતનમાં હિંમત આવી અને ધીમેથી પિતાજીને પૂછયું, પિતાજી! આપને કેટલી ઉંમર થઈ છે? પિતાજીને ચેતનના પ્રશ્ન ઉપરથી થોડું આશ્ચર્ય તો થયું, તોપણ બોલ્યા કે, ભાઈ! મારી ઉંમર ૯૦ વર્ષની થઈ છે, હવે તો હું એક–બે પછેડી ફાટે એટલું જ જીવવાનો છું. ત્યારે ચેતને પૂછયું. પિતાજી! આપના મૃત્યુ બાદ તમારી ૧૦ લાખની વિશાળ સંપત્તિનું સ્વામી કોણ થશે? પિતાજી કહે છે કે શું તું નથી જાણતો કે તારો મિત્ર કેતન મારો એકનો એક પુત્ર છે! તે જ મારી સર્વ સંપત્તિનો ઉત્તરાઅધિકારી

છે. ત્યારે ચેતન પિતાજીને મીઠાશથી શાંતિપૂર્વક સમજાવે છે કે જુઓ પિતાજી! કેતન તો મુંઝાઈ જવાથી આજે આપઘાત કરવાનો છે, અને તેના આત્મઘાત પછી આપ નિઃસંતાન થઈ જવાથી આપની સર્વ સંપત્તિ સરકારમાં જશે. એ કરતાં આપ વિચાર કરો કે આપને ૧૦ લાખની મૂડી કેતનને જ આપવી હતી. તો આજે તેને બે લાખ રૂપિયા આપી દ્યો તો તે બચી જાય વળી તે બે લાખ રૂપિયા કેતનના જ ઓછા થશે, આપનું તો કંઈ જવાનું નથી. કારણકે આપ તો દશ લાખ તેને જ આપવાના હતા તો તેને પછી આઠ લાખ મળશે એટલે જે અત્યારે બે લાખ જશે તે તેના જ જાય છે. આમ કરવાથી કેતન બચી જશે, આપની સંપત્તિ સરકારમાં નહિ જાય અને આપનું મરણ પણ નહિ બગડે.

ચેતનની ન્યાયપૂર્વકની વાત કેતનના પિતાજીને હૃદયમાં સોંસરવટ ઊતરી ગઈ. તેમના જ્ઞાનમાં સમાધાન થઈ ગયું કે બે લાખ કેતનના ઓછા થશે, મારા નહિ. કારણકે હું તો કંઈ સાથે લઈ જવાનો નથી. સમજણ પૂર્વકના જ્ઞાનના સમાધાનથી કેતનના પિતાજીના હૃદયમાં અપૂર્વ પરિવર્તન થયું. પિતાજીએ કેતનને તુરત બોલાવ્યો અને રૂપિયા બે લાખ રોકડા આપીને લેણદારોને ચુકવી આપવા જણાવ્યું. કેતન આપઘાતથી બચી ગયો. તે પણ નવું જીવન પામ્યો. પિતાજી પણ સાચી સમજણના બળે, જ્ઞાનની સમાધાન કરવાની અચિંત્યશક્તિથી જ્ઞાન જીવન પામ્યા.

ઉપરના સુગમ દ્રષ્ટાંત ઉપરથી જ્ઞાનથી સમાધાન કરવાની અદ્‌ભુત શક્તિનો મહાન બોધ–પાઠ મળે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવો નરકમાં અનંતી પ્રતિકૂળતાની મધ્યમાં પણ ભેદ–જ્ઞાનની શક્તિવડે પોતાના શ્રદ્ધા–જ્ઞાનની નિર્મળતાને જરાય મલિન થવા દેતા નથી. જે જ્ઞાન એક પ્રતિકૂળ પ્રસંગમાં સમાધાન રાખી શકે છે એ જ્ઞાન, સેંકડો, હજારો અને લાખો પ્રતિકૂળતાઓ આવી પડે તોપણ જ્ઞાનમાં સમાધાન રાખી શકે છે. સ્વભાવમાં મર્યાદા ન હોય. જે અગ્નિ એક તણખલાને બાળવાનું સામર્થ્ય ધરાવે છે તે અગ્નિ લાખો અને કરોડો મણ લાકડાને પણ બાળીને ભસ્મ કરી નાખે છે. તેમ જે જ્ઞાન એક પ્રતિકૂળ પ્રસંગમાં સમાધાન કરીને આત્મશાંતિ રાખી શકે છે તે જ્ઞાન કરોડો પ્રતિકૂળતાના ગંજમાં પણ સમાધાન અને શાંતિ રાખી શકે છે, કારણકે જ્ઞાનમાં સમાધાન કરવાનો સ્વભાવ છે અને તે સ્વભાવ હોવાથી અમર્યાદિત છે. તેથી જે જ્ઞાન એક પ્રતિકૂળ પ્રસંગમાં સમજણ વડે સમાધાન કરી શકે છે એ જ્ઞાન પ્રતિકૂળતાના પહાડો ઊતરે તોપણ સમજણના બળે સમાધાન અને શાંતિ રાખી શકે છે. માટે જ્ઞાનના અમર્યાદિત સ્વભાવ સામર્થની યથાર્થ શ્રદ્ધા કરવી એ જ સમ્યગ્દર્શન છે.

( પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક વખત અપાયેલા પ્રસિદ્ધ–દ્રષ્ટાંતના આધારે )

# ચૈતન્ય-ચન્દ્રને અવલોકતાં મુનિવરો

શાંત સરવરની પાળે રે,
શાંત સરવર ની પાળે
જ્ઞાનેશ્વર ગામને, ચેતના તીરના વાસી મુનિવરા રે....
રહેતાં ઊંડી જ્ઞાન ગુફામાં રે,
રહેતાં ઊંચી ચારિત્ર ટૂંકે
ચિન્મૂર્તિના ધ્યાને મસ્ત વિચરે મુનિવરા રે....
નો' તી એને કાયની મમતા રે
નો' તી એને જગની માયા
સાધના પંથે ચાલ્યા, છોડી જગની ઝંઝાળ સર્વે રે...
પ્રગટયા જેને જ્ઞાન દીવડાં રે,
અમૃતના મેહુલા વરસ્યાં
સાતિશય અપ્રમત્ત ધારાએ ચઢશે એ તો ક્ષપક શ્રેણી રે....
ઉપશમરસ છાંટણા છાંટયાં રે,
મતિ-શ્રુતે વારણાં લીધાં
ચૈતન્ય-ચંદ્ર અવલોકન કરતાં, નંદનવનમાં કેલિ કરતાં રે....
ચારિત્રની શિબિકા આવી રે,
સ્વરૂપનો રથ ચાલ્યો
શાંતિ ક્ષમા ઉરમાં ધારી, સ્વરૂપગુપ્ત શીલવંતા રે...
ધ્રુવની ધુણી ધખાવી રે,
આનંદની રમતો માંડી
શુદ્ધ પરિણતિની પ્હેરી મંગળમાળા જ્ઞાયકદેવે રે....
દ્રવ્ય જેનું મંગળકારી રે,
આરાધના આશ્ચર્યકારી
સિદ્ધ સાથે વાતો કરતાં, જિન નહીં પણ જિનસરિખા રે....
જાગ્યા એવા સંત અનોખા રે
ભરતના ભાગ્ય ખીલ્યાં,
દિવ્ય-શ્રુત-લબ્ધિ લાવ્યા, સીમંધરના લાડકવાયા સદ્ગુરુદેવા રે...
રહેતાં સુવર્ણ દ્વારે....

# આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો

* કોઈ તૃષાદિ દુ:ખથી પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે તેનો પ્રતિકાર ( ઉપાય ) કરવાની ઇચ્છાથી ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતાં ( પોતે નીચેના ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે ), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી ( અર્થાત્ સંસાર સાગરમાં ડૂબેલા જગતને દેખવાથી ) મનમાં જરા ખેદ થવો તે છે.

( શ્રી પંચાસ્તિકાય-ટીકા-અમૃતચંદ્રાચાર્ય )

* ધનાદિની વૃદ્ધિ અને નિર્ધનાવસ્થાનો નાશ કરનારા જીવોને લોકો ચતુર કહે છે. તથા નિર્ધનાવસ્થાની વૃદ્ધિ અને ધનાદિનો નાશ થવાથી તેને મૂર્ખામાં ગણે છે. લોકોની ઉપરોક્ત માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે કારણ એ તો પૂર્વોપાર્જિત શુભાશુભ પ્રારબ્ધોદયથી થાય છે. સર્વ જીવોને એવી હાની-વૃદ્ધિ તથારૂપ પ્રારબ્ધોદય વડે સ્વયમેવ થઈ રહી છે. એવી હાની-વૃદ્ધિમાં જીવનું કાંઈ પણ અવિશેષ કે વિશેષપણું નથી. ( શ્રી આત્માનુશાસન - ગુણભદ્ર આચાર્ય )

* જો કે કર્મોનો સંબંધ સર્વ જીવોમાં સમાન છે તોપણ બુદ્ધિમાન પુરુષને ( -જ્ઞાનીને ) તે હોવા છતાં નહીં હોવા સમાન જ છે; જેમ તરવામાં પ્રવીણ એવા તરવૈયાને માટે વધેલો નદીનો પ્રવાહ.

**( શ્રી પદ્મનંદીઆચાર્ય )**

---

* જાણ્યે અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આ ક્ષમાવણીના પાવન પ્રસંગે આત્મધર્મ પરિવાર ક્ષમા માગે છે.

खम्मामि सव्वजीवाणां, सव्वे जीवा खमन्तु मे।
मित्ती मे सव्वभूदेसु, वैर मज्झं ण केण वि।।

-तंत्री

---

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ભાદરવો
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૩૫૦